ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः

**વાંચો અંદરના પેજ પર**



મુલુંડમાં માસક્ષમણ મહાતપનો ઐતિહાસિક આરંભ

RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616
ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક
સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

**વાંચો અંદરના પેજ પર**



સિવિલ હોસ્પિટલ ખાતે 'અંગદાન મહાદાન' અભિયાન

•સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર •તંત્રી ડો. ઈલેવાન ઠાકર •Year - 20 •Issue 68 • TUESDAY-04-08-2026 •Price0.50/-(Paisa), Annual : 150/- •Page: 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

## વહીવટીતંત્ર દિવસ રાત અસરકારક કામગીરી કરી રહ્યું છે

# ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો પ્રકોપઃ 184 શંકાસ્પદ કેસમાંથી 35 પોઝિટિવ, અત્યાર સુધીમાં 22 બાળકોના મોત

### તિરાડો પૂરવા અને જંતુનાશક દવાઓના છંટકાવની સૂચના : ચોક્કસ રસી કે દવા ઉપલબ્ધ નથી, સંશોધન ચાલુ

• ગાંધીનગર

ગુજરાતમાં 15 વર્ષથી નાના બાળકોમાં ચાંદીપુરા વાયરસના 184 શંકાસ્પદ કેસ નોંધાયા, જેમાંથી 35 પોઝિટિવ આવ્યા. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે, 22 બાળકોના મોત થયા છે અને 7 દર્દીઓ સારવાર હેઠળ છે. ગાંધીનગર, રાજકોટ સહિતની હોસ્પિટલોમાં દેખરેખ ચાલુ છે. વાયરસ ફેલાતો અટકાવવા તિરાડો પૂરવા અને જંતુનાશક છંટકાવની સૂચના અપાઈ છે.

ગુજરાતમાં 15 વર્ષથી નાની વયના બાળકોમાં ચાંદીપુરા વાયરસના લક્ષણો જોવા મળતા આરોગ્ય વિભાગ દ્વારા તપાસ અને સારવાર સઘન બનાવાઈ છે. રાજ્યમાં ચાંદીપુરા વાયરસની વર્તમાન પરિસ્થિતિ અંગે માહિતી આપતા આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, 'સામે આવેલા તમામ શંકાસ્પદ કેસ ચાંદીપુરાના નથી. અત્યાર સુધીમાં કુલ 184 શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી 35 કેસ પોઝિટિવ આવ્યા છે. જ્યારે 11 સેમ્પલના ટેસ્ટ પરિણામો હજુ બાકી છે.'

નોંધાયેલા શંકાસ્પદ કેસોમાંથી અત્યાર સુધીમાં 22 બાળકોના ચાંદીપુરા વાયરસના કારણે મોત નીપજ્યા છે. હાલમાં 7 પોઝિટિવ દર્દીઓ રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે, જ્યારે 6 દર્દીઓની તબિયતમાં સુધારો થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ગાંધીનગર, સાબરકાંઠા (હિંમતનગર), પાટણ, રાજકોટ અને ભાવનગરની સિવિલ હોસ્પિટલોમાં દાખલ બાળકોની સ્થિતિ પર તબીબો દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.વાયરસના કેસો કોઈ એક ચોક્કસ સ્થળે કે ગામ પૂરતા સીમિત ન રહીને વિવિધ વિસ્તારોમાંથી સામે આવી રહ્યા છે. જેને પગલે આરોગ્ય વિભાગ દ્વારા ગ્રાઉન્ડ લેવલે કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં માટી કે કાચા મકાનોની તિરાડો પૂરવા માટે નાગરિકોને સલાહ આપવામાં આવી છે. પશુપાલન ધરાવતા વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો સઘન છંટકાવ શરૂ કરાયો છે. તમામ સરકારી અને ખાનગી ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલોને લક્ષણો ધરાવતા દર્દીઓને તાત્કાલિક ઓક્સિજન અને વેન્ટિલેટર સુવિધા ધરાવતા ICU બેડમાં દાખલ કરવા સૂચના અપાઈ છે, જેથી 'મલ્ટિપલ ઓર્ગન ફેલ્યોર' જેવી ગંભીર સ્થિતિ અટકાવી શકાય.હાલમાં ચાંદીપુરા વાયરસ સામે કોઈ ચોક્કસ રસી કે દવા ઉપલબ્ધ ન હોવાથી તબીબો અને સંશોધકોની ટીમ દ્વારા રસી અને અસરકારક દવાની શોધ માટે સંશોધન કરવામાં આવી રહ્યું છે. નાગરિકોને કાચા મકાનો કે માટીની દિવાલોની તિરાડોનું તુરંત પુરાણ કરાવવા તથા બાળકોમાં તાવ, ઊલટી, ખેંચ જેવા લક્ષણો જણાતાં જ સમય ગુમાવ્યા વિના નજીકની સરકારી જિલ્લા હોસ્પિટલનો સંપર્ક કરવા અને અફવાઓથી દૂર રહેવા જણાવાયું છે.



## નેશનલ-ઈન્ટરનેશનલ

### PAK આતંકવાદીઓની હિટ લિસ્ટમાં બંગાળ CM સુવેન્દુ અધિકારી!

કોલકાતા : પશ્ચિમ બંગાળની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ એક મોટા આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે શંકાસ્પદોની અટકાયત કરી છે. STFનો દાવો છે કે, આ ગેંગના તાર સીધા પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓ સાથે જોડાયેલા હતા. આ મામલે સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી પણ આ આતંકવાદીઓના નિશાના પર હતા.પશ્ચિમ બંગાળ STFના IG ગૌરવ શર્માએ પત્રકાર પરિષદમાં માહિતી આપતાં જણાવ્યું કે, આ મામલે હમીમ મંડલ (રહેવાસી બર્ધમાન) અને અર્પિતા સરકાર (રહેવાસી સાહેબગંજ, ઝારખંડ)ની અટકાયત કરવામાં આવી છે.મામલાની શરૂઆત હાવડાના એક વરિષ્ઠ મંત્રીને મળેલી ખંડણીની ધમકી અને તેમના પુત્રના અપહરણના કાવતરાથી થઈ હતી. શંકાસ્પદ સોશિયલ મીડિયા હેન્ડલની તપાસ કરતાં હમીમ મંડલનું નામ સામે આવ્યું હતું. તેના ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ અને વૉટ્સએપ-ટેલિગ્રામ ચેટ્સ તપાસતા માલૂમ પડ્યું કે, તે પાકિસ્તાનથી સંચાલિત થતા શંકાસ્પદ હેન્ડલ્સ જેવાં કે 'રાણા', 'આબિદ જટ્ટી', 'ઉઝૈર' અને 'હાદી' સાથે સતત સંપર્કમાં હતો.STF પ્રમુખના જણાવ્યા મુજબ, પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સ હમીમ મંડલને મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના આવવા-જવાના રસ્તાઓ, તેમના કાફલા અને સુરક્ષાની સમીક્ષા પર નજર રાખવા માટે સૂચના આપી રહ્યા હતા.

### યુક્રેનમાં અનાજ સંકટના એંધાણ!, આડેધડ હુમલા બાદ સ્થિતિ ગંભીર

કીવ : યુક્રેનના બ્લેક સી પોર્ટ્સ આજકાલ રશિયા-યુક્રેન યુદ્ધનો મહત્વનો હિસ્સો બની ગયા છે. આ પોર્ટ્સ માત્ર સામાન મોકલવાના રસ્તા નથી, પરંતુ યુક્રેનની અર્થવ્યવસ્થા અને અનાજ વેપાર માટે ખૂબ જરૂરી છે. અહીંથી ઘઉં, મકાઈ, સૂરજમુખી તેલ અને અન્ય કૃષિ ઉત્પાદનો દુનિયાના અનેક દેશો સુધી પહોંચે છે. આ જ કારણે આ પોર્ટ્સ પર વધતા હુમલાઓએ યુક્રેનની ચિંતા વધારી દીધી છે. રશિયાએ યુક્રેનના ઓડેસા સહિતના અનેક દરિયાકાંઠાના વિસ્તારોમાં ડ્રોન અને મિસાઈલ હુમલા તેજ કર્યા છે. આ હુમલાઓની અસર દરિયાઈ વેપાર, અનાજ નિકાસ અને યુક્રેનની કમાણી પર પડી રહી છે.યુક્રેનની કુલ નિકાસમાં કૃષિ ઉત્પાદનોનો હિસ્સો લગભગ 60% છે. એવામાં જો પોર્ટ્સ પરથી સામાન મોકલવામાં મુશ્કેલી આવે, તો તેની સીધી અસર દેશની અર્થવ્યવસ્થા પર પડી શકે છે.

### ગુજરાતને અરુણાચલથી જોડતી એકમાત્ર ટ્રેન આખી રિઝર્વ્ડ થઈ

અમદાવાદ : અરુણાચલ પ્રદેશમાં કડક સુરક્ષા અને કાનૂની નિયમોના પાલન માટે લાગુ કરાયેલી 'ઈનર લાઈન પરમિટ' (ILP) વ્યવસ્થાને કારણે મુસાફરો માટે નિયમો અનિવાર્ય બન્યા છે. જેના પગલે પશ્ચિમ રેલવે દ્વારા ગુજરાતની એકમાત્ર હાપા-નાહરલાગુન-હાપા સ્પેશિયલ ટ્રેનના કોચ સંયોજનમાં એક મહત્વપૂર્ણ ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા 5 ઓગસ્ટથી 7 નવેમ્બર, 2026 સુધી અમલમાં રહેશે.સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, હાપા-નાહરલાગુન-હાપા ટ્રેનમાં જોડવામાં આવતા 4 જનરલ કોચ અને લગેજવાન સાથેના બિનઅનામત કોચને તાત્કાલિક હટાવી દેવામાં આવશે. તેના બદલે હવે સંપૂર્ણપણે અનામત સેકન્ડ ક્લાસ કોચ જોડવામાં આવશે. જો કે, રાહતની વાત એ છે કે ટ્રેનની કુલ 21 એલએચબી કોચની સંખ્યા યથાવત રહેશે. આ સમગ્ર 4 મહિનાના સમયગાળા દરમિયાન આ ટ્રેન સંપૂર્ણપણે 'રિઝર્વ્ડ ટ્રેન' તરીકે દોડશે અને કોઈ પણ જનરલ ટિકિટો ઈશ્યુ કરવામાં આવશે નહીં.'ઈનર લાઈન પરમિટ' એ ભારત સરકાર દ્વારા અમલી પાસપોર્ટ જેવો સત્તાવાર મુસાફરી દસ્તાવેજ છે, જે હોય તો જ પૂર્વોત્તરના ચુનંદા વિસ્તારોમાં જવાની થોડા સમય માટેની મંજૂરી-પરમીટ મળે છે. બ્રિટિશ કાળથી શરૂ થયેલી આ પ્રથાનો મૂળ હેતુ રાષ્ટ્રીય સંસાધનોનું રક્ષણ અને સુરક્ષા વ્યવસ્થા જાળવવાનો છે. હાલમાં અરુણાચલ પ્રદેશ ઉપરાંત નાગાલેન્ડ, મિઝોરમ અને મણિપુર જેવા ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આ કડકપણે અમલમાં છે.

### ભારત દ્વારા શ્રીલંકાને અપાતી સહાય 7.5 મિલિયન ડોલર વટાવી ગઈ

નવી દિલ્હી : શ્રીલંકાના વિકાસ કાર્યો માટે ભારત તરફથી અપાતી સહાય ૭.૫ બિલિયન ડોલર વટાવી ગઈ છે. શ્રીલંકાના તમામ પચ્ચીશે પચ્ચીશ પ્રાંતોમાં આ સહાય પહોંચશે.ભારતના શ્રીલંકા સ્થિત હાઈ કમિશનર સંતોષ ઝાએ શ્રીલંકાના મઝદૂર અને વિદેશ રોજગારી વિભાગના મંત્રી, અનિલ જયન્થા ફર્નાન્ડોની ઉપસ્થિતિમાં (શનિવારે) પત્રકાર પરિષદમાં આજે આ માહિતી આપી હતી. તેઓએ આગળ કહ્યું હતું કે આ પૈકી ૮૫૦ મિલિયન ડૉલરની સહાય તો ગ્રાન્ટ તરીકે આપવામાં આવશે. જે શ્રીલંકાના ૨૫ પ્રાંતોમાં ભારતે હાથ ધરેલી વિવિધ પરિયોજનાઓ જેવી કે રેલવે, હાઉસિંગ, શિક્ષણ, આરોગ્ય, ઊર્જા ક્ષેત્ર અને જીવન ધોરણ ઉન્નતિ માટે અપાશે.સંતોષ ઝાએ આ વિગતો તેઓના ૪ પ્લેટફોર્મ ઉપર પણ મૂકી હતી. આ પૂર્વે જુલાઈ ૨૧ના દિવસે સંતોષ જાએ કોલંબો પ્લાનનાં નવ નિયુક્ત સેક્રેટરી જનરલ ચૂલામણી ચર્ન સુવાન સાથે પણ મંત્રણા કરી હતી, અને તે પ્રાદેશિક જૂથને ભારતના પૂરેપૂરા ટેકાની ખાતરી આપી હતી.આ કોલંબો પ્લાનની ૭૫મી જયંતિ નિમિત્તે સંતોષ ઝાએ ભારત તરફથી આ વચન આપ્યું હતું. આ કોલંબો પ્લાનમાં ૨૬ દેશો સભ્ય પદ છે. તેમાં સાઉથ સાઉથ કોઓપરેશન માનવ સંસાધન વિકાસ પારસ્પરિક સહકારના મુદ્દાઓ આવરી લેવાયા છે. આ એક ઈન્ટર ગવર્નમેન્ટલ બોડી છે. જેમાં સરકારો વચ્ચે સમજૂતીઓ સાધવામાં આવે છે. આ ઉપરાંત સંતોષ ઝા અને શ્રીલંકાના આરોગ્ય મંત્રી અનિલ જવસિંઘે વચ્ચે પણ થયેલા એમ.ઓ.યુ. પ્રમાણે શ્રીલંકાનાં દેનીયાયામાં એક વિશાળ હોસ્પિટલ બાંધવા અંગે પણ કરારો થયા હતા.

## કેરળમાં ભારે વરસાદથી ભૂસ્ખલન : છનાં મોત, આજે 12 રાજ્યોમાં ઓરેન્જ એલર્ટ

નવી દિલ્હી : દક્ષિણ ભારતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ સિસ્ટમની સક્રિયતાથી કેરળમાં ભારે વરસાદનો દોર ચાલુ છે. કેરળમાં શનિવારે વરસાદ અને ભૂ-સ્ખલન સંબંધિત વિવિધ દુર્ઘટનામાં કુલ છ લોકોનાં મોત નીપજ્યાં હતા. બીજીબાજુ જમ્મુ-કાશ્મીરના ચત્રૂમાં ફ્લેશ ફ્લડથી રહેણાંક ઈમારતો અને અનેક દુકાનોને ભારે નુકસાન થયું હતું.

કેરળના કેટલાક ભાગમાં ભારે વરસાદના કારણે શનિવારે ભૂસ્ખલન થયા હતા, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેથી ઓથોરિટીએ તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં વ્યાપક સ્તરે બચાવ અને લોકોને સલામત સ્થળે ખસેડવા અભિયાન શરૂ કર્યું હતું. મુખ્યમંત્રીની ઓફિસે જણાવ્યું કે, ઈડુક્કી અને કોટ્ટાયમ જિલ્લામાં ભૂસ્ખલનની અલગ અલગ દુર્ઘટનામાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતા જ્યારે અન્ય કેટલાકને બચાવી લેવાયા હતા. સમગ્ર રાજ્યમાં વરસાદગ્રસ્ત દુર્ઘટનાઓથી પીડિતો માટે કુલ ૬૫ રાહત છાવણીઓ ખોલાઈ છે, જ્યાં ૧,૪૬૫ લોકોને આશ્રય અપાયો છે. હવામાન વિભાગે કેરળના ૧૨ જિલ્લામાં રવિવાર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરી છે. બીજીબાજુ જમ્મુ-કાશ્મીરના કિશ્તવાર જિલ્લાના ચત્રૂ વિસ્તારમાં શનિવારે વહેલી સવારે વાદળ ફાટતા ફ્લેશ ફ્લડ આવ્યું હતું, જેના કારણે બે રહેણાંક ઘરો અને કેટલીક દુકાનોને ભારે નુકસાન થયું હતું જ્યારે બે કાર તણાઈ ગઈ હતી. ચેનાબ ખીણ વિસ્તારમાં સતત વરસાદના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે તેમજ સરકારે કિશ્તવાડ, ડોડા અને રામબાણ જિલ્લામાં સ્કૂલો બંધ કરવાની જાહેરાત કરવી પડી હતી. ફ્લેશ ફ્લડના કારણે કિશ્તવાડના બજારમાં મોટા ખડકો, કાટમાળ અને કાદવ તણાઈ આવતા લોકોની મુશ્કેલીઓ વધી હતી.

## 'મને ચાકુ લઈને મારવાની કોશિશ કરી..' : પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવ

નવી દિલ્હી : પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવ દિલ્હીમાં પોતાના નિવાસસ્થાને પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા. આ દરમિયાન એક યુવક ત્યાં પહોંચ્યો અને હોબાળો શરૂ કરી દીધો. આ અંગે સાંસદે કહ્યું કે, એક યુવક પ્રેસ કોન્ફરન્સમાં ચાકુ લઈને પહોંચ્યો હતો. મારી હત્યાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. અમે ડરવાના નથી. જણાવી દઈએ કે પપ્પુ યાદવ સંસદ ભવનમાં રામ મંદિર દાન ચોરીના આરોપને લઈને સાધુના વેશમાં પ્રદર્શન કર્યું હતું. ત્યારથી તેઓ ચર્ચામાં છે અને તેમના વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે.

પપ્પુ યાદવ તે જ ઘટનાને લઈને દિલ્હી સ્થિત પોતાના નિવાસસ્થાને પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા. તે જ દરમિયાન એક યુવક ત્યાં પહોંચ્યો અને દાવો છે કે તે યુવકે પપ્પુ યાદવ પર ચાકુથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પપ્પુ યાદવના સમર્થકોએ તેને પકડી લીધો અને તેમના સમર્થકોએ તે અજ્ઞાત યુવકને સાથે મારઝૂડ કરી. બાદમાં શંકાસ્પદ યુવકને પોલીસને હવાલે કરાયો હતો. મળેલી માહિતી મુજબ પપ્પુ યાદવ વિરુદ્ધ દેશના અલગ-અલગ ભાગોમાં FIR નોંધાયા છે અને તેમને ધમકીઓ પણ આપવામાં આવી રહી છે.

આ જ બાબતને લઈને પપ્પુ યાદવ પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા અને તે જણાવવાના હતા કે સોમવારે સંસદની કાર્યવાહી શરૂ થશે. તે સમયે તેમની શું વ્યૂહનીતિ હશે?

### પાંચ કિલોના એલપીજીના ભાવમાં રૂ. 46.5નો ઘટાડો

## કોમર્શિયલ એલપીજીના ભાવમાં 192 રૂપિયાનો ઘટાડો

**ઓગસ્ટ મહિનાની શરૂઆત સાથે તહેવારોની ખરીદી શરૂ થવાની સંભાવના**

• નવી દિલ્હી

કેન્દ્ર સરકારે શનિવારે નવા મહિનાની શરૂઆતમાં જ હોટેલ, રેસ્ટોરાં અને ઔદ્યોગિક ક્ષેત્રમાં વપરાતા કોમર્શિયલ એલપીજી ગેસના બાટલાના ભાવમાં સતત બીજા મહિને રૂ. ૨૦૦ જેટલો ઘટાડો કર્યો છે જ્યારે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં પ્રતિ લીટર રૂ. ૫નો વધારો કર્યો છે.કોમર્શિયલ એલપીજીના ભાવમાં ઘટાડાના પગલે ગેસના ૧૯ કિલોના વાદળી બોટલનો ભાવ દિલ્હીમાં રૂ. ૨,૭૩૮ થઈ ગયો છે, જે ગયા મહિને રૂ. ૨,૯૩૦ હતો. બીજીબાજુ એટીએફનો ભાવ પ્રતિ લીટર રૂ. ૧૧૦થી વધારીને રૂ. ૧૧૫ કરાયો છે તેમ સરકારી ઓઈલ કંપનીઓએ જણાવ્યું હતું.કોમર્શિયલ એલપીજીની સાથે ઓઈલ કંપનીઓએ પાંચ કિલોના સિલિન્ડરનો ભાવ પણ રૂ. ૮૦૮.૫૦થી રૂ. ૪૬.૫ ઘટાડીને રૂ. ૭૬૨ કર્યો છે. જોકે, ૧૪.૨ કિલોના ઘરેલુ એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર કરાયો નથી. ઘરેલુ એલપીજીનો ભાવ પ્રતિ સિલિન્ડર છેલ્લે ૭ જૂને રૂ. ૨૯ વધારવામાં આવ્યો હતો.ઓઈલ કંપનીઓએ સતત બીજા મહિને કોમર્શિયલ એલપીજીના ૧૯ કિલોના વાદળી બોટલના ભાવમાં ઘટાડો કર્યો છે. સરકારે ૧ જુલાઈએ રૂ. ૧૮૩.૫નો ઘટાડો કર્યો હતો. પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈરાન યુદ્ધની કટોકટીના પગલે જૂનમાં કોમર્શિયલ ગેસના ૧૯ કિલોના સિલિન્ડરના ભાવમાં વધારા પછી સરકારે આ રાહત આપી છે. ફેબુરઆરીના અંતમાં મધ્ય-પૂર્વમાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી કોમર્શિયલ એલપીજીનો ભાવ પ્રતિ ૧૯ કિલોના સિલિન્ડર રૂ. ૧,૭૭૩થી વધીને જૂનમાં રૂ. ૩,૧૧૩.૫૦ થઈ ગયો હતો.દરમિયાન સરકારે રેલવે ટિકિટના બૂકિંગના નિયમોમાં પણ ફેરફાર કર્યા છે, જેના હેઠળ હવે ટોકન આપવાનો સમય તત્કાલ બૂકિંગ શરૂ થવાની સાથે જ થશે, જેથી રિઝર્વેશન સેન્ટર પર ભીડ ઘટી જશે. પહેલા પ્રવાસીઓને ટોકન અપાશે, પછી ટોકન મુજબ ટિકિટ અપાશે. ઓગસ્ટ મહિનાની શરૂઆત સાથે તહેવારોની ખરીદી શરૂ થવાની સંભાવના છે.

### લોકોને પોતાના જજો કોણ છે તે જાણવાનો અધિકાર

## લોકોનો અવાજ દબાવવા તમામ કાયદાનો ઉપયોગ થઈ રહ્યો છે

**યુવાનો નેતાનું રાજીનામુ માગે તો તેમના પર લાઠીઓ વરસાવાય છે**

• નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને જજોની પસંદગી, ટ્રાન્સફર વગેરે નિર્ણયો લેતી કોલેજિયમની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. જ્યારે દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે દેશની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે એક્ટિવિસ્ટ અને અસહમત લોકોનો અવાજ દબાવવા માટે તમામ પ્રકારના કાયદાઓનો ઉપયોગ થઈ રહ્યો છે. જો દેશના યુવાનો કોઈ રાજનેતાનું રાજીનામુ માગે તો તેને લાકડીઓ ખાવી પડી રહી છે એટલુ જ નહીં તેની સાથે કેસ પણ કરી દેવાય છે.

ગોવા હાઈકોર્ટ બાર એસોસિએશનની એક લેક્ચર સીરીઝમાં દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે આ ટિપ્પણી કરી હતી, તેમણે કહ્યું હતું કે બોલવાની સ્વતંત્રતા લોકશાહીના પાયા સાથે જોડાયેલી છે. રાજકીય ચર્ચાથી લોકોને જાણકારી મળે છે, ટિકાઓનો સામનો કરવાનો સૌથી મોટો ઉપાય લોકો સાથે વાતચીત કરવાનો છે. લોકોના સવાલોનો જવાબ આપવાનો છે. પરંતુ લાગી રહ્યું છે કે આપણા દેશના સત્તાધીશો આ વાત ભુલી ગયા છે. દુઃખદ બાબત છે કે આજે એક્ટિવિસ્ટ, અસહમતિ રાખનારા તેમજ રાજકીય કાર્ટૂનિસ્ટોને ચુપ કરાવવા કે પરેશાન કરવા અનેક પ્રકારના કાયદાઓનો ઉપયોગ કરાઈ રહ્યો છે. યુવાનો કોઈ નેતાનું રાજીનામુ માગે તો તેને લાઠીઓ પડી રહી છે. કેસો કરી દેવાય છે.જ્યારે દિલ્હીમાં એક સંસ્થાની ન્યાયિક પારદર્શિતા ઈન્ડેક્સ રિપોર્ટના લોન્ચિંગ સમયે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને કહ્યું હતું કે જો કોઈ જજની પસંદગી કોઈ પદ માટે કરવામાં ના આવે તો તે નિર્ણય પાછળનું કારણ ના જણાવવું અન્યાય છે. કોલેજિયમ જજોની નિમણુંક, પ્રમોશન, ટ્રાન્સફર વગેરેની ભલામણો કરતી હોય છે. આ તમામ નિર્ણયો પાછળના ચોક્કસ કારણો પણ લોકો માટે જાહેર થવા જોઈએ. લોકોને પોતાના જજો કોણ છે તે જાણવાનો અધિકાર છે.

### જુલાઈમાં શુદ્ધ જીએસટી આવક રૂ. ૧.૮૧ લાખ કરોડ

## સરકાર પર ધનવર્ષા : GST આવક રૂ. 2.11 લાખ કરોડ

**કુલ રિફંડ વાર્ષિક ધોરણે ૧૩.૧ ટકા વધીને રૂ. ૨૯,૯૬૮ કરોડ રહ્યું**

નવી દિલ્હી : કેન્દ્ર સરકારને જુલાઈમાં જંગી કમાણી થઈ છે. સરકારી ખજાનામાં જીએસટી અને ટેક્સની આવક ઠલવાઈ છે. જુલાઈમાં વેચાણ અને આયાતમાં વધારાના પગલે સરકારને જીએસટી કલેક્શન રૂ. ૨.૧૧ લાખ કરોડને પાર થયું હતું, જે વાર્ષિક ધોરણે ૧૫.૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આ વૃદ્ધિ વૈશ્વિક ભૂ-રાજકીય તણાવ, સતત વધતી મોંઘવારી વચ્ચે પણ દેશમાં મજબૂત ઘરેલુ વપરાશ અને આર્થિક મજબૂતીના સંકેત આપે છે. દેશમાં મજબૂત આર્થિક પ્રવૃત્તિઓને પગલે આ નાણાકીય વર્ષમાં બીજી વખત માસિક જીએસટી કલેક્શન રૂ. બે લાખ કરોડથી વધારે રહ્યું છે.સરકારે શનિવારે જીએસટી કલેક્શનના માસિક આંકડા જાહેર કર્યા હતા, જે મુજબ જુલાઈમાં જીએસટી કલેક્શન રૂ. ૨.૧૧ લાખ કરોડને પાર થયું હતું, જે ગયા વર્ષ જુલાઈમાં રૂ. ૧.૮૩ લાખ કરોડ કરતાં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે. જૂન ૨૦૨૬માં જીએસટી કલેક્શન રૂ. ૧.૯૫ લાખ કરોડ હતું. જુલાઈમાં જીએસટીની આવકમાં સીજીએસટીનો હિસ્સો રૂ. ૩૯,૮૩૫ કરોડ, એસજીએસટીનો હિસ્સો રૂ. ૪૭,૮૮૧ કરોડ અને ઈન્ટેગ્રેટેડ જીએસટીનો હિસ્સો રૂ. ૧.૨૩ લાખ કરોડ હતો તેમ સૂત્રોએ જણાવ્યું હતું.સૂત્રો મુજબ જીએસટી કલેક્શનમાં આ વધારો મુખ્યત્વે ઘરેલુ વપરાશ અને આયાતથી મળનારા ટેક્સમાં મજબૂત વૃદ્ધિના કારણે થયો છે. જુલાઈમાં જીએસટી કલેક્શનના આંકડા પશ્ચિમ એશિયામાં ચાલતા ભૂ-રાજકીય તણાવ છતાં દેશમાં ઘરેલુ વપરાશ અને વેપારી પ્રવૃત્તિઓમાં સ્થિરતા દર્શાવે છે.સરકારે જાહેર કરેલા આંકડા મુજબ ઘરેલુ વપરાશમાંથી જીએસટી કલેક્શન ૧૦.૧ ટકા વધીને રૂ. ૧.૪૫ લાખ કરોડ થયું હતું, જે જુલાઈ ૨૦૨૫માં રૂ. ૧.૩૧ લાખ કરોડ હતું. એ જ રીતે આયાતમાંથી કુલ જીએસટી આવક ૨૯ ટકા વધીને રૂ. ૬૬,૫૧૧ કરોડ થઈ છે. જુલાઈમાં કુલ જીએસટી રિફંડ પણ વધ્યું છે.

### ભાજપની આખેઆખી ફોજ ચૂંટણી પ્રચારમાં ઉતરી હતી

# માંજલપુરની જનતાએ યોગેશ કાકાની લાજ રાખી, વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપની જીત

**લીડ 1 લાખથી ઘટી 30 હજાર રહી ગઈ, સતિષ પટેલ સામે હારેલા કોંગ્રેસના ઉમેદવારે કહ્યું-ઈલેક્શન ફેર નથી**



• વડોદરા

વડોદરાની માંજલપુર વિધાનસભાએ યોગેશ કાકાની લાજ રાખી છે. પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર 30,499ની લીડથી જીત્યા છે. તો કોંગ્રેસના ઉમેદવારને 24,585 મત મળ્યા છે. આશ્ચર્યજનક રીતે નોટામાં 2223 મત પડ્યા હતા. વિજય બાદ ભાજપના ઉમેદવારની ભવ્ય વિજયયાત્રા નીકળી હતી. જો કે 2022માં મળેલી 1 લાખની લીડ આ વખતે 30 હજાર જ રહી ગઈ છે.

ભાજપના ઉમેદવાર સતિષ પટેલે કહ્યું હતું કે માંજલપુરની જનતાએ યોગેશ કાકાને સહકાર આપ્યો તે જ રીતે મને પણ આપ્યો છે. તો કોંગ્રેસના ઉમેદવાર ભીખા રબારીએ હાર સ્વીકારીને આ ચૂંટણીને અનફેર ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે માંજલપુર વિધાનસભા બેઠક પર 30 જુલાઈએ પેટાચૂંટણી યોજાઈ હતી, જેમાં 37.05 ટકા મતદાન બાદ આજે 19 રાઉન્ડની મતગણતરી કરાઈ હતી.

માંજલપુર વિધાનસભા બેઠક એ ભાજપનો ગઢ રહી છે. વર્ષ 2008માં માંજલપુર વિધાનસભા નવી બની હતી ત્યારથી સ્વ. યોગેશ પટેલ આ બેઠક ઉપર ધારાસભ્ય તરીકે ચૂંટાતા હતા. તેઓના નિધન બાદ પેટા ચૂંટણી યોજવામાં આવી હતી. જો કે પેટા ચૂંટણી સાવ નિરસ રહી હતી. ભાજપ પોતાના પરંપરાગત મતદારોને પણ મતદાન મથક સુધી પહોંચાડવામાં નિષ્ફળ રહ્યું હતું, જેથી 37.5 ટકા જ મતદાન નોંધાયું હતું.

વર્ષ 2022માં 60 ટકા મતદાન નોંધાયું હતું જેમાં સ્વ. યોગેશ પટેલને 1,20,133 મત મળ્યા હતા. તો કોંગ્રેસના ઉમેદવાર તશ્વીનસિંહને 19,379 મત મળ્યા હતા. જો કે આ વખતે મતદાન ઓછું હતું તેમ છતાં કોંગ્રેસના ઉમેદવારને વધુ મત મળ્યા છે. ભાજપની આખેઆખી ફોજ મતદાન પહેલા ચૂંટણી પ્રચારમાં ઉતરી હતી. જેમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલથી માંડી મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ભાજપના પ્રદેશ અધ્યક્ષ સહિતના સ્ટાર પ્રચારકો પણ મેદાનમાં ઉતરી ગયા હતા. મતદાનના દિવસે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મારામારી પણ થઈ હતી અને કોંગ્રેસ દ્વારા આચાર સંહિતાના ભંગની ફરિયાદ કરવામાં આવી હતી.

કોંગ્રેસના ઉમેદવાર ભીખા રબારીએ આક્ષેપ કર્યા હતા કે ભાજપના આગેવાનો ગુંડાગર્દી ઉપર ઉતરી આવ્યા હતા. મતદારોને ભયભીત કર્યા હોવાના પણ આક્ષેપ કર્યા હતા.

વડોદરાના છાણીના વતની અને ભાજપના વરિષ્ઠ રાજકીય અગ્રણી સતિષ પટેલ સ્થાનિક રાજકારણમાં અને સહકારી ક્ષેત્રનો જાણીતો ચહેરો છે. તેઓ પૂર્વ કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહી ચૂક્યા છે. સંગઠનમાં મજબૂત પકડ ધરાવવાની સાથે છાણી અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભૂમિકા ભજવતા આવ્યા છે.

આ ઉપરાંત 'છાણી ધર્માદા ટ્રસ્ટ' ના મુખ્ય વહીવટકર્તા અને સંચાલક તરીકે પણ સેવાઓ આપે છે. આ ટ્રસ્ટ છેલ્લા ઘણા દાયકાઓથી છાણી સ્મશાન ગૃહનું સંચાલન અને અન્ય લોકકલ્યાણના કાર્યો કરે છે. આ સિવાય, વડોદરાના સહકારી માળખામાં પણ તેઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને પક્ષના વિવિધ સંગઠનાત્મક કાર્યો તેમજ સ્થાનીય પ્રશ્નોના નિરાકરણ માટે સતત કાર્યરત રહે છે..

## તંત્રીની કલમે

# દેશમાં નોટોનું ચલણ ઓછુ થયુ નથી

ડિજિટલ પેમેન્ટ વધવા છતાં, મોદી સરકારે ૨૦૨૬ સુધીમાં પ્લાસ્ટિક (પોલિમર) નોટો લાવવાની તૈયારી કરી છે. RBI એ ફિલ્ડ ટ્રાયલ માટે મંજૂરી આપી છે, જેમાં ૧૦ અને ૨૦ રૂપિયાની ૨૦૦ કરોડ નોટો છપાશે. નકલી નોટો રોકવા અને છાપકામ ખર્ચ ઘટાડવા આ પગલું લેવાયું છે. વિશ્વના ૭૦થી વધુ દેશોમાં પ્લાસ્ટિક નોટોનો ઉપયોગ થાય છે.ઓનલાઈન ચુકવણી વધવા છતાં પણ રોકડનો ઉપયોગ ઓછો થઈ રહ્યો નથી. માર્ચ૨૦૨૫ માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં કાગળની નોટ છાપવા માટે રૂા. ૬,૩૭૨.૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેનો ખર્ચ એક વર્ષ પહેલા સુધી રૂા. ૫,૧૦૧.૪ કરોડ રહ્યો હતો. આ ખર્ચ રોકડની માગ વધવાના કારણે આવ્યો છે. અહેવાલો પ્રમાણે છેલ્લાં એક દાયકામાં કાગળની નોટો છાપવા પાછળ ૫૨ હજારો કરોડ કરતા વધારે રૂપિયાનો ખર્ચ થયો છે : ૨૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૯૫ પૈસાનો ખર્ચ જ્યારે ૫૦ રૂપિયાની એક નોટ છાપવાનો ખર્ચ ૧ રૂપિયો ૧૩ પૈસા થાય છે. ૧૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૧ રૂપિયો ૭૭ પૈસાનો જ્યારે ૨૦૦ રૂપિયાની એક નોટ છાપવી હોય તો તેના માટે ૨ રૂપિયા ૩૭ પૈસાનો ખર્ચ કરવો પડે તેમ છે. ૫૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૨ રૂપિયા ૨૯ પૈસાનો ખર્ચ આવે છે ડિજિટલ પેમેન્ટના ઝડપથી વધતા યુગમાં પણ કેશ એટલે કે નોટોનો ચલણ ઓછો થયો નથી. ખિસ્સામાં રાખેલી કાગળની નોટ અવારનવાર પરસેવો થવાથી, વરસાદમાં પલળવાથી કે વારંવાર ઉપયોગ કરવાથી જલ્દી ફાટી કે ગંદી થઈ જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે દુનિયાના ઘણા દેશોએ પ્લાસ્ટિક એટલે કે પોલિમરની બેંક નોટો અપનાવવાનું શરૂ કરી દીધું છે. સામાન્ય બોલચાલની ભાષામાં લોકો તેને 'પ્લાસ્ટિકની નોટ' કહે છે, પરંતુ ટેકનિકલ રીતે તે એક ખાસ પ્રકારના પોલીપ્રોપીલીન પ્લાસ્ટિકમાંથી બને છે, જે સ્પર્શ કરવામાં વળી શકે તેવી અને ખૂબ જ મજબૂત હોય છે. ભારતે પણ હવે આ દિશામાં કામગીરી શરૂ કરી છે. ૨૦૧૬માં નોટબંધી આવ્યા બાદ હવે એક દાયકા બાદ ૨૦૨૬માં પોલિમરની નોટો લાવવાનું કામ મોદી સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.ઉલ્લેખનીય છે કે, સંસદમાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં માહિતી આપતા જણાવ્યું હતું કે ૧૦ અને ૨૦ રૂપિયાની ૨૦૦ કરોડ નોટ્સનું પ્રિન્ટિંગ થશે. આ નોટોની કુલ વેલ્યુ ૩ હજાર કરોડ રૂપિયા થશે.

**ઈલેવાન ઠાકર**

### 22 વર્ષમાં 26 ચોરી, CCTVથી બચવા હોટેલ પણ ન બદલતો

# વડોદરામાં 51 તોલા સોનાની લૂંટ કરનાર આંતરરાજ્ય રીઢો ચોર પકડાયો

• વડોદરા

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં ભરબપોરે બંધ ફ્લેટનું તાળું તોડી 51 તોલા સોનાના દાગીના, ચાંદીની પ્લેટ અને રોકડ રકમની સફાચટ કરનાર આંતરરાજ્ય રીઢા ચોરને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. છેલ્લા 22 વર્ષથી વિવિધ રાજ્યોમાં સક્રિય અને 26થી વધુ ઘરફોડ ચોરીઓ આચરી ચૂકેલા આરોપી પાસેથી પોલીસે રૂ. 34.29 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી સયાજીગંજના હાઈપ્રોફાઈલ કેસનો પર્દાફાશ કર્યો છે.

સયાજીગંજના કેમ્પસ રોડ પર આવેલા તસીદ કોમ્પ્લેક્સના ત્રીજા માળે આવેલા ફ્લેટમાં ગત 14 જુલાઈના રોજ બપોરે 1થી 5 વાગ્યાના સમયગાળા દરમિયાન અજાણ્યા તસ્કરે બંધ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરે કબાટના લોકર તોડી અંદર રાખેલા આશરે 51 તોલા સોનાના દાગીના, 400 ગ્રામ ચાંદીની પ્લેટ અને રૂ. 40 હજારની રોકડ મળી લાખો રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.



કેસની ગંભીરતાને ધ્યાને લઈ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સના આધારે શંકાસ્પદ શખ્સની ઓળખ ઉત્તર પ્રદેશના અનિલકુમાર મીસરી રાજભર તરીકે થઈ હતી (જે અગાઉ 2023માં પણ વડોદરામાં દિવસ દરમિયાન થયેલી ચોરીમાં ઝડપાયો હતો).

પોલીસ ટીમે રેલવે સ્ટેશન આસપાસ વોચ ગોઠવી પંડ્યા બ્રિજ નીચેથી અનિલ રાજભરને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. તેની બેગમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ અને મોબાઈલ મળી આવ્યા હતા. દાગીનાના બિલ રજૂ ન કરી શકતાં પોલીસે 34.29 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. કડક પૂછપરછમાં તેણે સયાજીગંજની ચોરીની કબૂલાત કરી હતી અને કેટલાક દાગીના મુંબઈમાં વેચ્યા હોવાનું સ્વીકાર્યું હતું.

# વડોદરામાં બાકડા પર બેસવાની બાબતે વૃદ્ધ પર જીવલેણ હુમલો

• વડોદરા

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં બાકડા પર બેસવા જેવી નજીવી બાબતે બોલાચાલી હિંસક બની હતી. મયંક ઉર્ફે ચકો પરમારે 63 વર્ષીય ફુલાભાઈ પરમાર પર પ્લાસ્ટિકના દૂધના કેરેટથી હુમલો કર્યો હતો. તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ફુલાભાઈની પત્નીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં બાકડા પર બેસવાની સામાન્ય બાબતને લઈને થયેલી બોલાચાલી હિંસક બની હતી. એક યુવકે 63 વર્ષીય વૃદ્ધ પર પ્લાસ્ટિકના દૂધના કેરેટથી હુમલો કર્યા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે વૃદ્ધની પત્નીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.વડોદરાના નવાયાર્ડ સ્થિત અમરનગરમાં રહેતા 63 વર્ષીય ફુલાભાઈ ડાહ્યાભાઈ પરમાર પર પડોશમાં રહેતા મયંક ઉર્ફે ચકો વિનુભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, 30 જુલાઈની સાંજે ફુલાભાઈ 40 ફૂટ રોડ પર આવેલા બાકડા પર આરામ કરવા બેઠા હતા. તે સમયે ત્યાં પહેલાથી બેઠેલા મયંકે તેમની સાથે બોલાચાલી કરી ધક્કો માર્યો હતો અને ગાળો આપી મારપીટ શરૂ કરી હતી.દરમિયાન નજીકમાં રહેતા નિરુબેન નગીનભાઈ પરમારે ઝઘડો અટકાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપી વધુ ઉશ્કેરાઈ ગયો હતો. તેણે નજીકમાં પડેલું દૂધનું પ્લાસ્ટિકનું કેરેટ ઉઠાવી ફુલાભાઈ પર હુમલો કર્યો હતો, જેના કારણે તેઓ નીચે પડી ગયા હતા. બાદમાં નિરુબેને તેમને બચાવી ઘરે પહોંચાડ્યા હતા.

પ્રથમ તબક્કે પરિવારે સામાન્ય ઈજા હોવાનું માની ફરિયાદ નોંધાવી નહોતી. જોકે બીજા દિવસે કમરમાં અસહ્ય દુખાવો થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે ફુલાભાઈને ગોત્રી સ્થિત ESIC હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે સારવાર દરમિયાન ફરિયાદી અને તેમની પુત્રી આરોપીના ઘરે સમજાવવા ગયા ત્યારે આરોપીએ ફુલાભાઈ ફરી મળશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સારવારમાં વ્યસ્ત રહેવાના કારણે ફરિયાદ મોડેથી નોંધાવવામાં આવી હોવાનું જણાવાયું છે. આ સમગ્ર મામલે ફરિયાદના આધારે પોલીસે આરોપી મયંક ઉર્ફે ચકો વિનુભાઈ પરમાર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાના સાક્ષી તરીકે નિરુબેન નગીનભાઈ પરમારનું નામ પણ ફરિયાદમાં દર્શાવવામાં આવ્યું છે.

# પાદરાના મેઢાદની 12 વર્ષની કિશોરીનો 24 કલાક બાદ વિશ્વામિત્રી નદીમાંથી મૃતદેહ મળ્યો

• વડોદરા

વડોદરાના પાદરા તાલુકાના મેઢાદ ગામે વિશ્વામિત્રી નદીમાં 12 વર્ષની હેતલ રાઠોડિયાને મગર ખેંચી ગયો હતો. ધોરણ-6માં ભણતી હેતલ પરિવાર સાથે નદીનું પાણી જોવા ગઈ હતી, ત્યારે આ દુર્ઘટના બની. ફાયર બ્રિગેડ અને SDRFની ટીમોએ શોધખોળ કરતા આજે સવારે સામે કિનારેથી તેનો મૃતદેહ મળી આવ્યો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાદરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલાયો છે.વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મેઢાદ ગામે એક અત્યંત દુઃખદ અને કરુણ ઘટના સામે આવી છે. વિશ્વામિત્રી નદીના પાણી જોવા ગયેલી 12 વર્ષની કિશોરી પર મગરે હુમલો કરી તેને પાણીમાં ખેંચી લીધી હતી. ફાયર બ્રિગેડ અને SDRF ની ટીમ દ્વારા હાથ ધરાયેલા સઘન સર્ચ ઓપરેશન બાદ આજે સવારે કિશોરીનો મૃતદેહ મળી આવ્યો છે.મેઢાદ ગામે રહેતી અને ધોરણ-6 માં અભ્યાસ કરતી હેતલ રાઠોડિયા નામની માસૂમ બાળકી પોતાના દાદા, ભાઈ અને બહેન સાથે ગામ પાસેથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં આવેલા પૂરના પાણી જોવા માટે ગઈ હતી. આ દરમિયાન નદીમાં રહેલા એક મહાકાય મગરે અચાનક હુમલો કરી બાળકીને પાણીમાં ખેંચી લીધી હતી.ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની 2 ટીમો અને SDRF ની 1 ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને નદીમાં કિશોરીની શોધખોળ શરૂ કરી હતી. ગઈકાલે મોડી સાંજ સુધી કોઈ પત્તો ન લાગતા રાત્રિના સમયે સર્ચ ઓપરેશન અટકાવવું પડ્યું હતું. આજે સવારે ફરીથી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### ચોટીલા માતાજીના દર્શન માટે ગયા છે અને પડોશીએ ઘરના તાળા તૂટ્યાની જાણ કરી

# ચોટીલા માતાજીના દર્શન કરવા ગયેલા દંપતીના મકાનમાં તસ્કરોનો હાથફેરો

• વડોદરા

વડોદરાના સમા વિસ્તારમાં ચોટીલા માતાજીના દર્શને ગયેલા દંપતીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. અજાણ્યા તસ્કરોએ દરવાજાની જાળી અને તિજોરી તોડી રૂ. 1.31 લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હતી. આ અંગે સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વડોદરાના સમા વિસ્તારમાં ચોટીલા માતાજીના દર્શન માટે ગયેલા દંપતીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનના દરવાજાની જાળી અને અંદરની તિજોરી તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી રૂ.1.31 લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

બનાવ અંગે સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે. અટલાદરાના કિશન સિગ્નેચરમાં રહેતા પવન જયેશકુમાર દવેએ સમા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની બહેન મેઘાબેનના લગ્ન સમાવિ વિસ્તારમાં રહેતા હિરેન દિનેશભાઈ રાઠોડ સાથે થયા છે અને તેઓ સમાની નીલતરંગ સોસાયટીમાં રહે છે. તા.2 ઓગસ્ટની સવારે મેઘાબેને ભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે તેઓ ચોટીલા માતાજીના દર્શન માટે ગયા છે અને પડોશીએ ઘરના તાળા તૂટ્યાની જાણ કરી છે.પવન દવે અને તેમની માતા તાત્કાલિક બહેનના ઘરે પહોંચ્યા ત્યારે મુખ્ય દરવાજાની લોખંડની જાળીનો નકુચો તૂટેલો અને અંદરનો લાકડાનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. બેડરૂમમાં સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો અને લોખંડની તિજોરીનું લોક તોડી લોકરમાં રાખેલા દાગીના તથા રોકડની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું.

ચોરીમાં અંદાજે 11 ગ્રામની સોનાની ચેઈન-પેન્ડલ, સોનાની બુટ્ટી, વીંટી, નાકની ચૂંક, ચાંદીની ચાર વીંટીઓ, એક જોડી પાયલ, એક જોડી પાટલા તેમજ રૂ.8 હજાર રોકડ મળી કુલ રૂ.1,31,270ની માલમત્તા ચોરાઈ હોવાનું જણાવાયું છે. પ્રાથમિક તપાસ મુજબ તા.1 ઓગસ્ટની રાત્રે 10 વાગ્યાથી 2 ઓગસ્ટની સવારે 8:30 વાગ્યાની વચ્ચે અજાણ્યા તસ્કરોએ બંધ મકાનમાં ઘુસીને ચોરીને અંજામ આપ્યો હોવાનું માનવામાં આવે છે. સમા પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

### સરખેજમાં યુવકનો આપઘાત

# મોત પહેલા વોટ્સએપ સ્ટેટ્સ મૂકી બે લોકો સામે કર્યો આક્ષેપ

**તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર મામલાની હકીકત સ્પષ્ટ થઈ શકશે**

• અમદાવાદ

અમદાવાદના સરખેજમાં દ્વારકેશ નગર સોસાયટીના સુરેશભાઈએ ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી. તેઓ ઉજાલા સર્કલ પાસે મોબાઈલ એસેસરીઝની લારી ચલાવતા હતા. મૃત્યુ પહેલાં તેમણે વોટ્સએપ સ્ટેટસમાં 2 વ્યક્તિઓના ફોટા મૂકી, તેમને જવાબદાર ઠેરવ્યા હતા. ભાજપના ધારાસભ્યને ન્યાય અપાવવા અપીલ પણ કરી હતી.સરખેજ પોલીસ દ્વારા આ મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરાઈ છે.

અમદાવાદના સરખેજ ઉજાલા સર્કલ નજીક આવેલા દ્વારકેશ નગર સોસાયટીમાં રહેતા સુરેશભાઈ નામના વ્યક્તિએ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, સુરેશભાઈ સરખેજ ઉજાલા સર્કલ ખાતે સાવરિયા મોબાઈલ એસેસરીઝ નામથી મોબાઈલ એસેસરીઝની લારી ચલાવતા હતા. ઘટના પહેલાં સુરેશભાઈએ પોતાના વોટ્સએપ સ્ટેટસમાં કેટલાક મેસેજો અને બે વ્યક્તિઓના ફોટા શેર કર્યા હતા.

સુરેશભાઈએ વોટ્સએપ સ્ટેટસમાં લખ્યું હતું કે, 'મારા મૃત્યુના જવાબદાર નીચે આપેલા ફોટાવાળા વ્યક્તિઓ છે.' સાથે જ અન્ય એક સ્ટેટસમાં મૃતકે ભાજપના ધારાસભ્યને સંબોધીને પોતાના મૃત્યુ પાછળ જવાબદાર વ્યક્તિઓ સામે ન્યાય અપાવવાની અપીલ કરી હોવાનું સામે આવ્યું છે. જો કે, સ્ટેટસમાં કરાયેલા આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી અને આ મામલે સંબંધિત વ્યક્તિઓનો પક્ષ પણ હજુ સુધી સામે આવ્યો નથી.

મૃતકે આ પગલું કયા કારણોસર ભર્યું, તેની પાછળનું સાચું કારણ શું છે અને વોટ્સએપ સ્ટેટસમાં કરાયેલા દાવાઓમાં કેટલું સત્ય છે, તે અંગે હવે સરખેજ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ સમગ્ર ઘટનાના તમામ પાસાઓની તપાસ કરી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર મામલાની હકીકત સ્પષ્ટ થઈ શકશે.


### લોકોએ સમજદારીપૂર્વક યુવાન પરની આગ પર કાબૂ મેળવી લીધો

# વડોદરામાં દશામાની આગમન યાત્રામાં જાહેર માર્ગ પર ફાયર સ્ટંટ કરવા જતા યુવાન દાઝી જતા ભાગદોડ

**લોકોએ સમજદારીપૂર્વક યુવાન પરની આગ પર કાબૂ મેળવી લીધો હતો**

• વડોદરા

વડોદરામાં દશામાની આગમન યાત્રા દરમિયાન કેટલાક યુવાનોએ જાહેર રસ્તા પર ફાયર સ્ટંટ કરતા એક યુવાન દાઝી ગયો હતો. ન્યાય મંદિરથી ખંડેરાવ માર્કેટ તરફ જતી યાત્રામાં આ ઘટના બની હતી. યુવાન આગની લપેટમાં આવતા જ યાત્રામાં ભાગદોડ મચી ગઈ હતી. આસપાસના લોકોએ સમયસૂચકતા વાપરી આગ બુઝાવી હતી. ભક્તિમય માહોલમાં બનેલી આ ઘટનાથી સૌ ચોંકી ઉઠ્યા હતા.





વડોદરા શહેરમાં દશામાની મૂર્તિઓની આગમન યાત્રા દરમ્યાન કેટલાક યુવાનોએ જાહેર રસ્તા પર ફાયર સ્ટંટ કરવા જતા એક યુવાન દાઝી ગયો હતો જેને કારણે આગમન યાત્રામાં ભાગદોડ મચી ગઈ હતી.

તા.13 ઓગસ્ટથી દશામાના વ્રતનો પ્રારંભ થવાની છે, તે પૂર્વે દશામાની મૂર્તિ સ્થાપના કરવા માટે ઠેર-ઠેર આગમન યાત્રાઓ નીકળી રહી છે જેને કારણે ભક્તિનો માહોલ જામ્યો છે. ભક્તિભાવ વચ્ચે એક દશામાની આગમન યાત્રા નીકળી હતી. જે ન્યાય મંદિરથી ખંડેરાવ માર્કેટ તરફ જઈ રહી હતી ત્યારે કેટલાક યુવાનો દ્વારા ફાયર સ્ટંટ કરવામાં આવી રહ્યા હતા. તે જ સમયે, સ્ટંટ કરી રહેલા યુવાનો પૈકી એક યુવાન અચાનક આગની લપેટમાં આવી ગયો હતો. યુવાન અગ્નિની ચપેટમાં આવતા જ યાત્રામાં ભાગદોડ થઈ ગઈ હતી. યુવાન આગમાં લપેટાતા યુવાને જાતે જ આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો અને બાદમાં યાત્રામાં સાથે ચાલી રહેલા અને આસપાસના અન્ય લોકો તથા યુવાનો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા.લોકોએ સમજદારીપૂર્વક યુવાન પરની આગ પર કાબૂ મેળવી લીધો હતો.

Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR

### સિવિલ હોસ્પિટલ ખાતે 'અંગદાન મહાદાન' અભિયાન અંતર્ગત

# ધારાસભ્ય સંગીતાબેન પાટીલના હસ્તે સફાઈ કર્મીઓ, નર્સિંગ અને સુરક્ષા સ્ટાફને 'અંગદાન મહાદાન' અંકિત છત્રીઓનું કરાયું વિતરણ

**અંગદાન એ માનવતાનું એવું મહાદાન છે, જે એક વ્યક્તિની વિદાય બાદ અનેક લોકોને નવજીવન આપી જાય છેઃ ધારાસભ્ય સંગીતાબેન પાટીલ**

• જે બી ટાંક પત્રકાર સુરત

અંગદાન જનજાગૃતિ અભિયાનને વધુ વેગવંતુ બનાવવાના ઉદ્દેશ્યથી અને 'અંગદાન દિવસ' નિમિત્તે સિવિલ હોસ્પિટલ ખાતે 'અંગદાન મહાદાન' અભિયાનના પ્રણેતા શ્રી દિલિપભાઈ દેશમુખના અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલની ઉપસ્થિતિમાં સફાઈકર્મીઓ, નર્સિંગ અને સુરક્ષા સ્ટાફને 'અંગદાન મહાદાન' અંકિત છત્રીઓનું વિતરણ કરાયું હતું. અંગદાન સેવાકાર્યમાં ઉમદા યોગદાન આપનાર તબીબી સ્ટાફગણનું સન્માન કરાયું હતું. નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા અંગદાનનો સંદેશ આપતા પોસ્ટરોનું પ્રદર્શન પણ યોજાયું હતું.

સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગ ખાતે નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અંગદાન અંગે જાગૃતિ ફેલાવતા વિશેષ પોસ્ટર્સ તેમજ સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા રંગોળીના પ્રદર્શનને ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે ખુલ્લું મૂકી વિદ્યાર્થીઓના પ્રયાસોને બિરદાવ્યા હતા.

ધારાસભ્ય સંગીતાબેને જણાવ્યું કે, અંગદાન એ માનવતાનું એવું મહાદાન છે, જે એક વ્યક્તિની વિદાય બાદ પણ અનેક લોકોને નવજીવન આપી જાય છે. ગુજરાત અંગદાનના ક્ષેત્રે ખૂબ આગળ વધી રહ્યું છે. અંગદાન થકી જીવનદાન આપવામાં સુરત સિવિલ હોસ્પિટલ હંમેશા અગ્રેસર રહી છે. નવી સિવિલના અંગદાન જનજાગૃતિના કાર્યોથી સમાજમાં અંગદાન વિશે સકારાત્મક પ્રચાર થશે.



આધુનિક તબીબી સુવિધાઓ અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન ક્ષેત્રે થયેલી પ્રગતિના પરિણામે આજે અનેક દર્દીઓને નવજીવન મળવાની નવી આશા જાગી છે, ત્યારે આપણે સૌ સાથે મળીને અંગદાન અંગેની ગેરમાન્યતાઓ દૂર કરી વધુમાં વધુ જનજાગૃતિ ફેલાવીએ અને એવો સમાજ રચીએ કે જ્યાં અંગની રાહ જોઈ રહેલો કોઈ દર્દી જીવનદાયી અવસરથી વંચિત ન રહે એમ તેમણે ઉમેર્યું હતું.

તબીબી અધિક્ષક ડૉ. પારૂલ વડગામાએ સિવિલ હોસ્પિટલમાં થયેલા અંગદાનની વિગતો આપતા કહ્યું કે, સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૪ દર્દીઓની નોંધણીમાંથી ૯૬ સફળ અંગદાતા દર્દીઓ દ્વારા કુલ ૩૧૬ અંગોનું દાન મેળવવામાં આવ્યું છે. જેમાં ૩૪ આંખો, ૭૫ લીવર, ૧૬૬ કિડની, ૯ હાથ ૨ પેનક્રિયાસ (સ્વાદુપિંડ), ૬ નાના આંતરડા, ૧૧ હૃદય, ૧૨ ફેફસા અને RAFF (Radial Forearm Flap) નો સમાવેશ થાય છે. આ સફળ અંગદાન થકી અનેક જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન સાંપડ્યું છે. નવી સિવિલ થકી બ્રેઈનડેડના કિસ્સાઓમાં હજુ વધુમાં વધુ અંગદાન થાય તેવા અમારા પ્રયાસો છે.

TNAI (ટ્રેઈન્ડ નર્સીસ એસો. ઓફ ઈન્ડિયા) ના સેક્રેટરી ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું કે, બ્રેઈન ડેડના કિસ્સામાં દર્દીના પરિવારજનોને અંગદાનનું મહત્વ સમજાવવું ખૂબ જ જરૂરી છે, કારણ કે એક અંગદાનથી અન્ય જરૂરિયાતમંદ વ્યક્તિના જીવનમાં રોશની લાવી શકાય છે. અંગદાન જનજાગૃતિ અભિયાનને જન-જન સુધી પહોંચાડવાનું કાર્ય નર્સિંગ સ્ટાફ અને નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા થાય તે જ સાચી માનવ સેવા છે.

સમાજમાં અંગદાન પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવાય તે હેતુથી ઉપસ્થિત તમામ સફાઈ કર્મીઓ અને તબીબી, નર્સિંગ સ્ટાફે અંગદાન માટેના શપથ ગ્રહણ કર્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, નગરસેવક શ્રી વ્રજેશ ઉનડકટ, તબીબી અધિક્ષક ડૉ. પારૂલ વડગામા, ડીન ડૉ.જયેશ બ્રહ્મભટ્ટ, ડૉ.લક્ષ્મણ ટહેલાની, ડૉ.ભરત ચાવડા, TNAI ના સેક્રેટરી ઈકબાલ કડીવાલા, સરકારી નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ ડૉ.ઈન્દ્રાવતી રાવ, આસિ. નર્સિંગ સુપ્રિ. સરસ્વતીબેન મૈસૂરિયા, પ્રજ્ઞાબેન પટેલ, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવક મકરંદ જોશી, નર્સિંગ એસો.ના નિલેશ લાઠીયા અને જગદીશ બુહા, સંજય પરમાર, બિપિનભાઈ અને વિભોર ચુગ, વિવિધ વિભાગના વડાઓ, હેડ નર્સ તેમજ બહોળી સંખ્યામાં તબીબો અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

### ઉદયપુરમાં યુઝર ચાર્જ મુદ્દે મુખ્યમંત્રીએ આપ્યું આશ્વાસન

# વેપારીઓએ કૃષિ મંડીના ચાર્જ અંગે રજૂ કર્યું આવેદન



• ગાંધીનગર

ઉદયપુર ખાતે 2 ઓગસ્ટ, 2026ના રોજ શ્રી ઉદયપુર ઓઈલ એન્ડ સીડ્સ મર્ચન્ટ્સ એસોસિએશનના પદાધિકારીઓએ રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલજી શર્માને કૃષિ મંડી દ્વારા વસૂલાતા યુઝર ચાર્જ મુદ્દે આવેદનપત્ર રજૂ કર્યું.આ કાર્યક્રમ સુખાડિયા રંગમંચ ખાતે યોજાયો હતો, જેમાં એસોસિએશનના ઉપાધ્યક્ષ અર્જુનજી જૈન, સચિવ અનિલજી જૈન, કોષાધ્યક્ષ ચિરાગજી બંસલ, સભ્ય રવિન્દ્રજી, પપ્પુજી, રવિજી અને ગુજરાતી સમાજના અધ્યક્ષ રાજેશ બી. મહેતાએ મુખ્યમંત્રીએ સાથે મુલાકાત કરી હતી. તેઓએ કૃષિ મંડી દ્વારા વસૂલાતા યુઝર ચાર્જને કારણે વેપારીઓને પડતી મુશ્કેલીઓ અંગે મુખ્યમંત્રીએ અવગત કરાવ્યું.આવેદનપત્રમાં સ્પષ્ટ રીતે રજૂઆત કરવામાં આવી હતી કે કૃષિ મંડીના યુઝર ચાર્જને કારણે વેપારીઓને વ્યાપાર કરવા માટે અનેક અડચણો અને આર્થિક ભારણ વધી રહ્યું છે. એસોસિએશનના પદાધિકારીઓએ જણાવ્યું કે, 'આ ચાર્જના કારણે વેપારીઓની સ્પર્ધાત્મકતા ઘટી રહી છે અને વેપાર પર નકારાત્મક અસર પડી રહી છે.'મુખ્યમંત્રીએ પદાધિકારીઓની રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી અને જણાવ્યું કે, 'આ મુદ્દો મારા ધ્યાનમાં છે અને તેના પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.' મુખ્યમંત્રીએ આશ્વાસન આપ્યું કે સરકાર વેપારીઓના હિતમાં યોગ્ય પગલાં લેશે. ગુજરાતી સમાજના અધ્યક્ષ રાજેશ બી. મહેતાએ પણ મુખ્યમંત્રીએ આ મુદ્દે તાત્કાલિક ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવાની વિનંતી કરી હતી. એસોસિએશનના પદાધિકારીઓએ જણાવ્યું કે, 'અમે આશા રાખીએ છીએ કે સરકાર અમારી સમસ્યાનો ઉકેલ લાવશે.'આ બેઠકમાં કૃષિ મંડીના યુઝર ચાર્જ અંગે વ્યાપારીઓમાં વ્યાપક અસંતોષ હોવાની વાત પણ ઉઠાવવામાં આવી હતી. મુખ્યમંત્રીએ ફરીથી વિશ્વાસ આપ્યો કે વેપારીઓની સમસ્યાઓનું નિવારણ કરવા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવશે.મુખ્યમંત્રીએ પદાધિકારીઓને આશ્વાસન આપ્યા બાદ વેપારીઓએ તેમના પ્રતિસાદને આવકાર્યો હતો. આ બેઠકના અંતે એસોસિએશનના સભ્યોએ સરકાર તરફથી ઝડપી અને હિતાવહ નિર્ણયની અપેક્ષા વ્યક્ત કરી હતી.

### રસીદથી ચાલતું હતું નેટવર્ક

# અમદાવાદમાં મનપસંદ જીમખાનામાં 24 કલાક ચાલી SMCની રેડ, 187 જુગારીઓ ઝડપાયા

• અમદાવાદ

અમદાવાદના દરિયાપુરમાં આવેલા મનપસંદ જીમખાના પર સ્ટેટ મોનિટરિંગ સેલ(SMC) એ દરોડો પાડ્યો હતો. આ 24 કલાક ચાલેલી મેગા રેડમાં પોલીસે જુગાર રમતા અને રમાડતા 187 લોકોને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી 3 લાખથી વધુ રોકડ, 25 વાહનો અને મોબાઈલ ફોન જપ્ત કરાયા છે. મુખ્ય આરોપી ગોવિંદ ઉર્ફે ગામા પટેલ સહિત તમામ ઝડપાયા છે. પોલીસે FIR નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં સ્ટેટ મોનિટરિંગ સેલ(SMC) એ દરિયાપુર વિસ્તારમાં આવેલા મનપસંદ જીમખાનામાં જુગારધામ ચાલતું હોવાની પાકી માહિતી મળી હતી. આ માહિતીની ખરાઈ કર્યા બાદ, SMCની કુલ પાંચ ટીમોએ સંકલન કરીને ત્યાં રેડ કરી હતી. આ કાર્યવાહીમાં પોલીસે જુગાર રમતા અને રમાડતા કુલ 187 જેટલાં લોકોને પકડ્યા છે અને તેમની પાસેથી 3 લાખથી વધુની રોકડ રકમ, 25 થી વધુ વાહનો તેમજ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે.

આ કેસનો મુખ્ય આરોપી ગોવિંદ ઉર્ફે ગામા કોળીદાસભાઈ પટેલ છે, જેની સામે અગાઉ પણ ગુના નોંધાઈ ચૂકેલા છે અને તેને તથા અન્ય બોર્ડ ભાડે રાખનારા તમામને પણ આ રેડમાં ઝડપી લેવામાં આવ્યા છે. SMCની આ રેડ 24 કલાકથી વધુ સમય ચાલી હોવાનું જણાય છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આ જુગારધામ ચલાવવાની મોડસ ઓપરેન્ડી બહુ જ અલગ હતી. જેમાં સીધી રોકડની લેવડદેવડ ઘણી ઓછી જોવા મળી હતી. જુગાર રમવા આવનારે અગાઉથી પૈસા જમા કરાવીને એક રસીદ મેળવવાની રહેતી હતી અને પહેલા કે બીજા માળે જઈને રાઈટરને તે રસીદ બતાવે એટલે પ્રિન્ટેડ શીટ પર તેની સિલક નોંધાઈ જાય, ત્યારબાદ જ અહીં જુગાર રમાતો હતો.

સમગ્ર મામલે પોલીસે પંચનામું કરીને FIR નોંધવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત, આખા નેટવર્કમાં મની ટ્રેલ કઈ રીતે થતી હતી અને કોને કેટલો ફાયદો મળતો હતો તેની પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. જેથી તમામ પુરાવાઓ એકત્રિત કરીને આરોપીઓ સામે કડકમાં કડક શિક્ષાત્મક કાર્યવાહી કરી શકાય.



### વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ લંડનના ચાર્ટર્ડ ઓફિસર દિવ્યાંગ ગાંધીની ટીમે વર્લ્ડ રેકોર્ડ નોંધવાની પ્રક્રિયા શરૂ કરી

# મુલુંડમાં માસક્ષમણ મહાતપનો ઐતિહાસિક આરંભ, ૬,૦૦૦થી વધુ શ્રાવક-શ્રાવિકાઓએ પચ્ચખાણ લીધા

**ડો. અજય ઠક્કરની જયુપિટર ટીમ નિઃશુલ્ક તપાસ કરશે**

• મુંબઈ

મુંબઈના મુલુંડ સ્થિત નિર્મલ લાઈફ સ્ટાઈલ મોલ ખાતે આજે શાશન પ્રભાવક આચાર્ય રાજરત્નસુરી મહારાજની નિશ્રામાં માસક્ષમણ મહાતપનો શુભારંભ થયો હતો, જેમાં ૬,૦૦૦થી વધુ શ્રાવક-શ્રાવિકાઓએ સામુહિક પચ્ચખાણ લીધું છે. આ પ્રસંગે વડોદરા સહિત ગુજરાતના અનેક શહેરોમાંથી પણ સેંકડો ભક્તોએ હાજરી આપી આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવાની તક મેળવી હતી. આ કાર્યક્રમ વહેલી સવારે સંગીતમય માહોલમાં આરંભાયો હતો. 'મારે માસક્ષમણ તપ કરવું છે'ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. મુલુંડ જૈન સંઘ, સર્વોદય સંઘ, વર્ધમાન જૈન સંઘ, તાબે નગર જૈન, ગોવર્ધન નગર-વિણાનગર અને શાશન સમ્રાટ જૈન સંઘના શ્રાવક-શ્રાવિકાઓએ વિશેષ ઉમંગ સાથે



માસક્ષમણ મહાતપનો પાયો નાખ્યો હતો. આચાર્ય રાજરત્નસુરી મહારાજે જણાવ્યું હતું કે માસક્ષમણ તપશ્ચર્યાની સંખ્યા સામાન્ય રીતે ૫, ૭, ૧૦ કે ૧૨ હોય છે. તેમણે જણાવ્યું કે સુર્યોદય સુરી મહારાજના અવસાન બાદ માસક્ષમણ અભિયાન શરૂ થયું છે. ગયા વર્ષે અમદાવાદમાં ૮૮૫ માસક્ષમણ થયા હતા, જ્યારે આ વર્ષે મુલુંડ ખાતે ચાર હજારથી વધુ શ્રાવિકાઓ તથા ૨,૦૦૦થી વધુ શ્રાવકો માસક્ષમણના પ્રથમ અઠ્ઠમમાં જોડાયા છે. આટલી મોટી સંખ્યામાં ૩૦ દિવસના ઉપવાસ કરનારી આ પ્રથમ ઘટના હોવાનું તેમણે જણાવ્યું. આ પ્રસંગે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ લંડનના ચાર્ટર્ડ ઓફિસર દિવ્યાંગ ગાંધીની ટીમે વર્લ્ડ રેકોર્ડ નોંધવાની પ્રક્રિયા શરૂ કરી છે. નવિનભાઈ શાહ આર કે પાલીતાણાવાળાએ જણાવ્યું કે ૩૦ દિવસ પૂર્ણ થયા પછી અંતિમ આંકડા સાથે રેકોર્ડ નોંધાશે. વડોદરાના જાણીતા જૈન અગ્રણી દીપક શાહે જણાવ્યું હતું કે ૨૦૨૩માં વડોદરાની અલકાપુરી જૈન સંઘમાં પણ આચાર્ય રાજરત્નસુરી મહારાજની ઉપસ્થિતિમાં ૪૫૧ ભક્તોએ માસક્ષમણ મહાતપમાં ભાગ લીધો હતો. તેમણે ઉમેર્યું કે એવા ઉપવાસથી શરીરના અવયવો પર શું અસર થાય છે તે અંગે સુમનદીપ વિદ્યાપીઠના ડોક્ટર્સે અભ્યાસ કર્યો હતો. આ વર્ષે પણ ડો. અજય ઠક્કરની જયુપિટર ટીમ નિઃશુલ્ક તપાસ કરશે. આ પ્રસંગે વડોદરાથી દીપક શાહ, ફતેપુરા શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયના ટ્રસ્ટી શૈલેષ શાહ સહિતના અગ્રણીઓ ખાસ હાજર રહ્યા હતા. સમગ્ર જૈન સમાજની સિદ્ધિ બદલ ગુજરાતના ડેપ્યુટી મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સના સીઈઓ શાંતિષ શુક્લા અને ગુજરાત અધ્યક્ષ ડો. અશ્વિન ત્રિવેદીએ શુભેચ્છા પાઠવી છે.

### જીવદયા, કરુણા અને માનવસેવાનો ઉત્તમ સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો

# માલધારી સમાજના બાહોશ યુવાન શ્રી જીતુ જામાભાઈ રબારીએ જન્મદિવસની અનોખી ઉજવણી કરી



• દિનેશ ભાઈ ઠાકોર સુરત

નવસારીઃ ગૌસેવા, રાષ્ટ્રકલ્યાણ અને સમાજકલ્યાણના કાર્યોમાં સતત અગ્રેસર રહેતા માલધારી સમાજના બાહોશ યુવાન શ્રી જીતુ જામાભાઈ રબારીએ પોતાના જન્મદિવસની ઉજવણી અનોખી અને સેવાભાવપૂર્ણ રીતે કરીને સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું. જન્મદિવસ નિમિત્તે તેમણે 'શ્રી પ્ર.સ. કોઠારી બહેરા-મૂંગા વિવિધલક્ષી વિદ્યાલય (મમતા મંદિર), નવસારી' ખાતે અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું. ઉપરાંત ગૌમાતાને ઘાસચારો અર્પણ કર્યો તેમજ પક્ષીઓને દાણા નાખીને જીવદયા, કરુણા અને માનવસેવાનો ઉત્તમ સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો.

શ્રી જીતુ જામાભાઈ રબારી વર્ષોથી ગૌસેવા, સમાજસેવા અને રાષ્ટ્રહિતના વિવિધ કાર્યોમાં સક્રિયપણે જોડાયેલા રહી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજને પ્રેરણા આપી રહ્યા છે. તેમના જન્મદિવસની આ અનોખી ઉજવણીની સમાજના આગેવાનો, મિત્રવર્તુળ અને લોકોએ પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને સતત સમાજસેવાના કાર્યો માટે શુભકામનાઓ પાઠવી હતી.

### દક્ષિણ ગુજરાતના ખેડૂતોની મદદ માટે આગળ આવ્યું કૃષિ વિજ્ઞાન

# ભારે વરસાદમાં બાગાયતી વૃક્ષો જમીનદોસ્ત થયા છે? તો હવે નિરાશ થવાની જરૂર નથી

**ડો. અજય ઠક્કરની જયુપિટર ટીમ નિઃશુલ્ક તપાસ કરશે**

• જે બી ટાંક સુરત

દક્ષિણ ગુજરાતમાં કુદરતી આફત અને ભારે વરસાદને કારણે લીલીછમ વાડીઓમાં વર્ષોની મહેનતથી ઉછેરેલી બાગાયતી કલમો અને વૃક્ષો જમીનદોસ્ત થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે. જોકે, આ કટોકટીના સમયે ખેડૂતોએ નિરાશ થવાની જરૂર નથી. જમીનદોસ્ત થયેલા કે નમેલા વૃક્ષોના મૂળ જો હજુ પણ જમીન સાથે જોડાયેલા હોય, તો વિજ્ઞાન અને યોગ્ય માવજત દ્વારા તેમને ફરી પુનર્જીવિત કરી શકાય છે. ખેડૂતોની વર્ષોની મહેનત પાણીમાં ન જાય તે માટે રાજ્ય સરકાર અને કૃષિ વિજ્ઞાન તાત્કાલિક ધોરણે ખેડૂતોની વહારે આવ્યા છે. કૃષિ નિષ્ણાતોના મતે, જો જમીનદોસ્ત થયેલી કલમો કે નમેલા વૃક્ષોના મૂળ હજુ પણ જમીન સાથે જોડાયેલા હોય, તો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા તેમને ફરી જીવંત કરવા શક્ય છે. આ વૈજ્ઞાનિક અભિગમ ધ્યાનમાં રાખીને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ બાગાયત વિભાગના અધિકારીઓ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોને તાત્કાલિક ધોરણે અસરગ્રસ્ત ગામોની રૂબરૂ મુલાકાત લઈ, ખેડૂતોને આ કલમો પુનર્જીવિત કરવાની પ્રત્યક્ષ તાલીમ આપવાના આદેશ આપ્યા છે. કૃષિ મંત્રીશ્રીના આદેશના પગલે પાણી ઓસરવાની



રાહ જોયા વિના, ગત શુક્રવારથી ચાલુ વરસાદ વચ્ચે પણ બાગાયત વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની સંયુક્ત ટીમો ખેડૂતોના ખેતર સુધી પહોંચી રહી છે. હાલમાં વલસાડ, નવસારી, સુરત, ડાંગ અને તાપી જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં વૈજ્ઞાનિકો પ્રત્યક્ષ ડેમોન્સ્ટ્રેશન આપીને ખેડૂતોને ધરાશાયી થયેલા વૃક્ષોને ફરી જીવિત કરવાની અને તેની માવજત અંગેની તાલીમ આપી રહ્યા છે. નવસારીના ઘેજ ગામના પ્રગતિશીલ ખેડૂત મોહનભાઈ પટેલે પોતાનો અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે, તાઉતે વાવાઝોડા વખતે મારી વાડીમાં નાના-મોટા અનેક આંબા ધરાશાયી થયા હતા. તે સમયે બાગાયત વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ મેં આ ઝાડોને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો, જેના પરિણામે ૭૦ થી ૮૦ ટકા જેટલા જમીનદોસ્ત થયેલા આંબા ફરી બેઠા થઈ ગયા હતા અને આજે તો એ ઓળખવા પણ મુશ્કેલ છે કે કયા ઝાડ પડી ગયા હતા. પૂર કે વાવાઝોડાથી હારી ગયા વગર જો ખેડૂતો આ વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવે, તો વર્ષોની મહેનતથી ઉછેરેલા બાગાયતી પાકને ચોક્કસપણે બચાવી શકાય છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

નવસારી કૃષિ યુનિવર્સિટીના સહસંશોધન વૈજ્ઞાનિક ડૉ. અંકુર પટેલે ખેડૂતો જાતે જ પોતાના બાગાયતી પાકને બચાવી શકે તે માટે ચાર તબક્કાની સરળ વૈજ્ઞાનિક પદ્ધતિ દર્શાવી છેઃ

૧.વરસાદમાં આડી પડી ગયેલી કલમને ઊભી કેવી રીતે કરવી? જમીનદોસ્ત થયેલી કલમોને અચાનક કે જોરથી ઊભી કરવાનો પ્રયાસ ન કરવો; તેનાથી મૂળ તૂટી જવાનો ભય રહે છે. કલમને અત્યંત ધીમે-ધીમે ઊભી કરવી, થોડી ઊભી કર્યા બાદ ૧૦ સેકન્ડનો વિરામ લેવો અને ત્યારબાદ ફરી પ્રયાસ કરવો.

૨. ડાળીઓની છાંટણી (પ્રુનિંગ) કરવીઃ પૂરને કારણે વૃક્ષને ઈજા થઈ હોય છે, તેથી તેના ખોરાકનો વપરાશ ઘટાડવો જરૂરી છે. આ માટે લાંબી અને નમી ગયેલી ડાળીઓ કાપી નાખવી અને માત્ર મર્યાદિત પાંદડાં રહેવા દેવાં. ખેડૂતોએ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે કાપેલી ડાળીઓ પરથી ટૂંક જ સમયમાં નવી ફૂટ નીકળશે.

૩. ફૂગનાશક પેસ્ટનો ઉપયોગઃ જેટલી ડાળીઓ કાપેલી હોય તેના ખુલ્લા ભાગ પર કોપર ઓક્સિક્લોરાઈડ (COC)ની પેસ્ટ લગાવવી. આ પેસ્ટમાં રહેલું 'ઓક્ઝિન' તત્ત્વ ડાળીને સડતી અટકાવશે અને નવી ફૂટ નીકળવામાં મદદરૂપ થશે.

### માતબર રકમ પણ આ દીકરીઓ દ્વારા એકઠી કરી આપવામાં આવી

# સુરતમાં વસતિ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાની ગમા પીપળીયા ગામની દીકરીઓ દ્વારા આયોજિત "મૈયરની મીઠાશ" સખી સ્નેહમિલન સમારોહનું આયોજન

## "ચાલો મળીએ, હસીએ, વાતો કરીએ અને યાદોને ફરી એકવાર સફર કરાવીએ

• જે બી ટાંક,સુરત

કાન્હાવન હેરિટેજ પાર્ટી લોન્જ,મોટા વરાછા,સુરત ખાતે યોજાયું આ કાર્યક્રમ માં ઉપસ્થિત ગામના આગેવાનો,દાતાઓ,અગ્રણીઓ તેમજ ગામની દરેક બહેનો દીકરીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને બોખલા હનુમાનજી મહારાજ અને મામૈયા આપા ની જય બોલાવી આ સમગ્ર કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી ગમા પીપળીયા ગામનું નામ જૂનાગઢ જિલ્લા મા આવેલ બીલખા સ્ટેટના દરબાર સાહેબ ના બેન બા એવા ગમાબાઈ ને ગામ કાપડા માં આપેલ અને ગામનું નામ ગમાબાઈનું પીપળીયા થયું ને ત્યારબાદ ગમા પીપળીયા નામ પ્રચલિત થયું.અને એજ ગામની દીકરીઓ નું સખી સ્નેહમિલન સુરતમાં યોજવામાં આવ્યું આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યા માં ગમા પીપળીયાગામનીદીકરીઓનીહાજરીજોવામળીહતી સમયની સાથે જીવનમાં અનેક પરિવર્તનો આવે છે, પરંતુબાળપણનામિત્રોઅનેગામસાથેજોડાયેલીયાદો ક્યારેય ભૂંસાતી નથી. આવી જ અમૂલ્ય યાદોને ફરી જીવંત કરવા માટે ગમા પીપળીયા ગામની દીકરીઓ દ્વારા એક અનોખા સખી સ્નેહમિલન કાર્યક્રમ "મૈયરની મીઠાશ"નું આયોજન કરવામાં આવ્યું હતુ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળપણની સખીઓ અને ગામનીબહેનોનેફરીએકમંચપરલાવીજૂનાદિવસોની યાદોને તાજી કરવાનો છે. વર્ષો બાદ એકબીજાને મળવાનો, હાસ્ય-મજાક, સંસ્મરણો અને લાગણીઓ વહેંચવાનો આ અવસર સૌ માટે યાદગાર બની રહ્યો. ગામની ધૂળમાં રમતા-રમતા જે સંબંધો બંધાયા હતા, તે સમયની આંધી પણ તોડી શકી નથી. એ જ સંબંધોને ફરીથી મજબૂત બનાવવા અને એક દિવસ માટે ફરી બાળપણનો આનંદ માણવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમ દરમિયાન વિવિધ મનોરંજક રમતો,ગરબા,સાંસ્કૃતિક કાર્યક્રમો, સંગીત, જૂથ ચર્ચાઓ અને યાદગાર પળોને કેમેરામાં કેદ કરવાની ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી . તમામ બહેનોને પરિવાર જેવી લાગણી સાથે આવકારવામાં આવ્યા આયોજકોએ તમામ ગામની બહેનોને અપીલ કરી છે કે રોજિંદા જીવનમાંથી થોડો સમય કાઢી આ સ્નેહમિલનમાં ઉપસ્થિત રહી બાળપણની યાદોને ફરી એકવાર જીવંત બનાવે અને આ અનોખા પ્રસંગને સફળ બનાવે. આ સમગ્ર કાર્યક્રમ માં પધારેલ દીકરીઓ ને ગામના દાતાઓ બાબુભાઈ રામજીભાઈ માલવીયા અને મહેશભાઈ ધીરુભાઈ કુંભાણી તરફથી ભોજન આપવામાં આવ્યું હતું અને દરેક દીકરીઓ દ્વારા ગમાબાઈ ના સમાધિ સ્થાન ને જીવંત રાખવા માટે ત્યાં ખાસ ધ્યાન આપી આગામી દિવસોમાં એમનું સરસ સમારકામકરીનવુંસમાધિસ્થાનબનાવીઆપવામાટે નાવિચારનેદરેકેવધાવ્યોહતોઅનેમાતબરરકમપણ આ દીકરીઓ દ્વારા એકઠી કરી આપવામાં આવી હતી





### મહિલા સુરક્ષા અને સશક્તિકરણ અંગે માર્ગદર્શન અપાયું

# નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત બેટી બચાવો, બેટી પઢાવો દિવસની ઉજવણી

## અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

• જે બી ટાંક સુરત

નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત 'બેટી બચાવો, બેટી પઢાવો દિવસ'ની ઉજવણી નિમિત્તે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ દ્વારા ઉમરા સુરત સીટી ના દેવકી નંદન હિન્દી વિધાલય પાંડેસરા વિસ્તાર ખાતે શાળાના આચાર્ય સુરેશભાઈના વડપણ હેઠળ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.



બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનનો મુખ્ય હેતુ દીકરીઓના જન્મ, સુરક્ષા, શિક્ષણ અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે. દીકરીઓને સમાન અધિકારો, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સુરક્ષિત વાતાવરણ પ્રાપ્ત થાય તેમજ તેઓ આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધી સમાજના વિકાસમાં સમાન ભાગીદાર બને તે માટે સમાજમાં જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવ્યો. કાર્યક્રમ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ દ્વારા ઘરેલુ હિંસા, છેડતી, શોષણ, સાયબર ગુનાઓ સહિતની કટોકટીની પરિસ્થિતિમાં ઉપલબ્ધ 24×7 નિ:શુલ્ક ઈમરજન્સી પ્રતિસાદ, કાઉન્સેલિંગ, પોલીસ, કાનૂની તથા અન્ય જરૂરી સહાય સેવાઓ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી.

વિદ્યાર્થીઓને મહિલા સુરક્ષા અંગે જાગૃત રહેવા, પોતાના અધિકારો વિશે માહિતગાર બનવા તેમજ જરૂરિયાતના સમયે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની સેવાઓનો નિ:સંકોચ ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈ *'બેટી બચાવો, બેટી પઢાવો'*ના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો તથા મહિલા સશક્તિકરણ માટે સજાગ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

આ જાગૃતિ કાર્યક્રમ દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનના ઉદ્દેશોને વધુ મજબૂત બનાવવાની સાથે વિદ્યાર્થીઓમાં દીકરીઓના શિક્ષણ, મહિલા સુરક્ષા અને સશક્તિકરણ અંગે અસરકારક જાગૃતિ ફેલાવી હતી.

### ૬૫૦મી જયંતિ નિમિત્તે યોજાયેલી કળશ યાત્રા ગાંધીનગરમાં પ્રવેશતા જ રવિદાસી શ્રદ્ધાળુઓમાં આનંદની લહેર

# ગાંધીનગરમાં શ્રી ગુરુ રવિદાસ મહારાજની ભવ્ય 'કળશ યાત્રા'નું ઉત્સાહભેર સ્વાગત

• પ્રતિનિધિ દ્વારા ગાંધીનગર

મહાન સંત, સમાજસુધારક અને ભક્તિ આંદોલનના પ્રણેતા શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી પાવન જન્મ જયંતિના ઉપલક્ષ્યમાં આયોજિત 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત નીકળેલી ભવ્ય 'કળશ યાત્રા'નું આજે ગાંધીનગર ખાતે અત્યંત ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

કળશ યાત્રા ગાંધીનગરમાં પ્રવેશતા જ સ્થાનિક રવિદાસી શ્રદ્ધાળુઓ અને નગરજનો દ્વારા પુષ્પવર્ષા અને ઢોલ-નગારાના તાલે ભવ્ય અગવાની કરવામાં આવી હતી. કળશ યાત્રા દરમિયાન સેંકડો મહિલાઓ પારંપરિક પોશાકમાં માથા પર પવિત્ર કળશ ધારણ કરી જોડાઈ હતી, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ પાવન પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી પ્રદ્યુમન વાજાએ પવિત્ર કળશનું પૂજન-અર્ચન કરી ગુરુ રવિદાસ મહારાજના ચરણોમાં શિશ નમાવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોએ જણાવ્યું હતું કે, ગુરુ રવિદાસ મહારાજે આપેલા સામાજિક સમરસતા, સમાનતા અને બંધુત્વના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી આ કળશ યાત્રાનું પરિભ્રમણ થઈ રહ્યું છે. ગાંધીનગરમાં કળશ યાત્રાના આગમનથી સમાજમાં એકતા અને શ્રદ્ધાનો નવો સંચાર થયો છે.

નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને કળશ યાત્રા નિર્ધારિત સ્થળે પહોંચી હતી, જ્યાં કળશ સ્થાપના




### મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં પરિવર્તન આવે અને પૈસાનો ઉદ્દેશ્ય નહીં

# વિસાવદર માધવ ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટી સભાસદોનું સ્નેહમિલન યોજાયું

## સમયાંતરે સફાઈ કામદારો, વિશિષ્ટ પ્રતિભાવંત વ્યક્તિઓના સન્માન પણ યોજાય

• સી. વી. જોશી વિસાવદર

વિસાવદર માધવ ક્રેડિટ કો-ઓપરેટીવ શાખા છેલ્લા વર્ષો થયા સભાસદો સાથે પરિવારની ભાવના સાથે હંમેશા કાર્યરત છે. 'વિના સંસ્કાર નહીં સહકાર, વિના સહકાર નહિ ઉદ્ધાર' કહેવતને અનુસરી વિસાવદર શાખા સમિતિ દ્વારા સભાસદ પરિવાર સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું.

સૌ પ્રથમ મંચાસીન મહાનુભવોએ દીપ પ્રાગટ્ય કરી બાદ મહાનુભવો તથા પત્રકારશ્રીઓને પુષ્પગુચ્છ, ખેસ પહેરાવી સન્માનિત કરેલ. ત્યારબાદ શાખાના ચેરમેન વિપુલભાઈ વેકરીયાએ માધવ ક્રેડિટ સોસાયટી શાખાનો વાર્ષિક અહેવાલ રજૂ કરેલ. સાથોસાથ આ શાખા જરૂરિયાત મંદ સભાસદોને કઈ રીતે ઉપયોગી છે? કેટલા સભાસદો છે? શાખા વર્ષ દરમિયાન કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે જેમ કે વૃક્ષારોપણ, દીકરી જન્મ વખતે તથા દીકરીના લગ્ન પ્રસંગે ભેટ સોગાદ રૂપે એફ.ડી.રસીદ, આરોગ્ય કેમ્પ, વિદ્યાર્થીઓને શૈક્ષણિક નોટ બુક્સ, જરૂરિયાત મંદ સભાસદોને ધંધાકીય, બિઝનેસ ક્ષેત્રે, વ્યાપાર ક્ષેત્રે, આર્થિક ઉપાર્જન બાબતે શાખાના નિયમો અને શરતોને આધીનધિરાણ,ગોલ્ડલોન,સોલારસિસ્ટમ,નક્કીકરેલા ધારા ધોરણ મુજબ વ્યાજ સાથે ડિપોઝિટ સ્વીકાર જેવી અનેકવિધ સામાજિક સેવાઓ સાથે આ શાખા કાર્યરત છે.

શાખાના વાઈફ ચેરમેન અને વિસાવદર અનેકવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલ રમણીકભાઈ દુધાત્રાએ સ્વરચિત પંક્તિઓ મારફત મહેમાનોનો પરિચય આપ્યો. આ શાખા લોન ધિરાણ લેનાર સભાસદોને લોનના ડોક્યુમેન્ટ તપાસી ક્ષમતા મુજબ ધિરાણ કરે છે. સમયાંતરે સફાઈ કામદારો, વિશિષ્ટ પ્રતિભાવંત વ્યક્તિઓના સન્માન પણ યોજાય છે.

આજના કાર્યક્રમના અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દુધાત્રા તેમજ મંચસ્થ મહાનુભવોએ પોતાના પ્રસંગ ઉચિત ઉદબોધનમાં જણાવેલ કે સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં પરિવર્તન આવે અને પૈસાનો ઉદ્દેશ્ય નહીં પરંતુ શાખા આગળ જતા એક મોટું વટ વૃક્ષ બની બીજાને વધારે મદદરૂપ બને તેવા ભાવ સાથે સમગ્ર સ્ટાફ સારી એવી જહેમત ઉઠાવે છે. લોક ઉપયોગી કાર્યો કરી સંસ્થા વધારે બળવતર બંને તેવા પ્રયાસો સાથે તેમજ વધુમાં વધુ સભાસદો આ શાખામાં જોડાય તેવો અનુરોધ કરેલ.



### સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત

# "'કાશીથી કર્ણાવતી' કળશ યાત્રાનું ગાંધીનગર મહાનગરમાં ભવ્ય સ્વાગત

• પ્રતિનિધિ દ્વારા ગાંધીનગર

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ સંત શિરોમણી ગુરુ રવિદાસ મહારાજના 650માં જન્મજયંતિ વર્ષ નિમિત્તે ચાલી રહેલા 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત આયોજિત 'કાશીથી કર્ણાવતી' કળશ યાત્રાનું આજે ગાંધીનગર જિલ્લા તથા ગાંધીનગર મહાનગરના વિવિધ સ્થળોએ નાગરિકો, વિવિધ સમાજોના અગ્રણીઓ તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કળશ યાત્રાનું ઠેર ઠેર પુષ્પવર્ષા, તિલક, કળશ પૂજન અને જયઘોષ સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ કળશ યાત્રામાં જોડાઈને સામાજિક સમરસતા, એકતા અને ભાઈચારાનો સંદેશ સમાજના પ્રત્યેક વર્ગ સુધી પહોંચાડવાનો સંકલ્પ લીધો હતો. આ અવસરે ઉપસ્થિત સૌએ સંત શિરોમણી ગુરુ રવિદાસ મહારાજના ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કરી ભાવવંદના કરી હતી. સાથે જ તેમના દ્વારા અપાયેલા સમાનતા, માનવતા, શ્રમનું ગૌરવ, સામાજિક ન્યાય અને સર્વસમાવેશી સમાજના આદર્શોને જીવનમાં ઉતારવાનો અને સમાજજીવનમાં ચરિતાર્થ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ગાંધીનગર જિલ્લામાં આ કળશ યાત્રા કલોલ શહેર, ધમાસણા, સરઢવ, રૂપાલ સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ હતી, જ્યારે ગાંધીનગર મહાનગર વિસ્તારમાં રાંધેજા,



સેક્ટર-૧૪, રિલાયન્સ ચોકડી અને ભાટ-કોટેશ્વર ચોકડી ખાતે યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. દરેક સ્થળે સ્થાનિક નાગરિકો, મહિલાઓ, યુવાનો, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને ભાજપાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યાત્રાને અભિવાદન કર્યું હતું. આ અવસરે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી પ્રદ્યુમનભાઈ વાઝા, પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપાધ્યક્ષ તથા અભિયાનના ઈન્ચાર્જ ગૌતમભાઈ ગેડીયા, પ્રદેશ મંત્રી નીરવભાઈ અમીન, અભિયાનની પ્રદેશ ટીમ, ગાંધીનગર જિલ્લા ભાજપાના અધ્યક્ષ અનિલભાઈ પટેલ, ગાંધીનગર મહાનગર ભાજપાના અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે, ધારાસભ્યઓ, ગાંધીનગરના મેયર, જિલ્લા પંચાયતના પ્રમુખ, સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### દિવેલાની ખેતી કરતા ખેડુતોએ વિવિધ પગલા લીધા

# ખેડૂતોને વાવણી સમયે યોગ્ય પગલાઓ લેવા અનુરોધ કરાયો

## આણંદ કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકો દ્વારા ભલામણો કરવામાં આવી

• જે બી ટાંક સુરત

દિવેલાની ખેતી કરતા ખેડુતોએ વિવિધ પગલાઓ લેવા આણદ કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકો દ્વારા ભલામણો કરવામાં આવી છે. વાવણી સમયે લેવાના મુખ્ય પગલાઓ જોઈએ તો બીજને વાવણી પહેલાં ફૂગનાશક દવાનો પટ આપવો. પ્રતિ કિલો બીજ દીઠ ૩ ગ્રામ થાઈરમ અથવા કાર્બેન્ડાઝીમ દવાનો પટ આપીને જ વાવણી કરવી. ખેતરની પસંદગી અને પાકની ફેરબદલી કરવી. જે ખેતરમાં વિતેલા ૨ વર્ષ સુધી દિવેલાનો પાક ન લીધો હોય તેવા ખેતરની જ પસંદગી કરવી અને નિયમિત પાકની ફેરબદલી કરવી, જમીનમાં પૂરતા પ્રમાણમાં છાણિયા ખાતર અથવા સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરવો અથવા લીલો પડવાશ કરવો. સુકારાના રોગ સામે પ્રતિકારક શક્તિ ધરાવતી સંકર જાતો જેવી કે, GCH-7, GCH-8, GCH-9 અને GCH-10 ની વાવણી માટે પસંદગી કરવી. સુકારાના અસરકારક નિયંત્રણ માટે મકાઈ, જુવાર, બાજરી અથવા ઘઉં જેવા પાકો સાથે ફેરબદલી કરવી., ઘોડિયા ઈયળના ઉપદ્રવથી બચવા અને રાસાયણિક નિયંત્રણ પાછળનો ખર્ચ ઘટાડવા માટે દિવેલાનું વાવેતર ઓગસ્ટના પ્રથમ અઠવાડિયા આસપાસ કરવું. ખેડુતોએ ઘોડિયા ઈયળ અને ડોડવા કોરી ખાનારી ઈયળનો ઉપદ્રવ કાબૂમાં રાખવા કઠોળ વર્ગના પાકોને આંતરપાક તરીકે લેવો.

બીજને બીજામૃતનો પટ આપી છાંયડામાં સૂકવીને વાવેતર કરવું. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાખવું., મૂળખાઈ અને સુકારા રોગના જૈવિક નિયંત્રણ માટે ૫ કિલો ટ્રાઈકોડર્મા પાવડરને ૫૦૦ કિલો રાયડાના અથવા લીમડાના ખોળ સાથે મિશ્ર કરી વાવતા પહેલાં ચાસમાં આપવો.

દવાના વપરાશ વખતે પેકેટ/ લેબલ પર આપેલી સૂચના મુજબ જ ડોઝ અને ભલામણ અનુસરવી. વધુ માહિતી માટે સ્થાનિક ગ્રામસેવક, વિસ્તરણ અધિકારીનો સંપર્ક સાધવા સુરત જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

### બાગાયતી ખેડૂતોને પાકના જટિલ રોગોની સામે રક્ષણ આપવા બાયર રજૂ કરે છે,

# અત્યાધુનિક એવું ફૂગ નાશક ઝિવાના સ્માર્ટ

## વિકાસમાં ઉભી થતી અડચણોને દૂર કરે છે

બાયર રજૂ કરે છે, ઝિવાના સ્માર્ટ એક નવીનતમ ફૂગનાશક દવા, જે મૂલ્યવાન બાગાયતી પાકોમાં લાગતા છારો અને પાકમાં લાગતા પાછોતરા સુકારા જેવા વિનાશક રોગોથી બચાવવા માટે તૈયાર કરવામાં આવી છે. એફઆરએસી ગ્રુપ 49 હેઠળના નવા સક્રિય ઘટકો દ્વારા તૈયાર થયેલી ઝિવાના સ્માર્ટ એ દ્રાક્ષ, કાકડી, બટાકા અને ટમેટા જેવા પાકમાં થતા રોગની સામે શ્રેષ્ઠ નિયંત્રણ પૂરું પાડે છે, જે ખેડૂતોને પાકની ગુણવત્તા જાળવવામાં, ઉત્પાદક્તા સુધારવામાં તથા મહત્તમ વળતર મેળવવામાં મદદરૂપ થાય છે.

બાગાયતી પાકોમાં પાંદડામાં લગતા છારો અને પાકમાં લાગતા પાછોતરા સુકારા જેવા નુકશાનકારક રોગો છે, જે ખેડૂતોના પાક સંરક્ષણનો ખર્ચમાં લગભગ અડધાથી પણ વધુ હિસ્સો ધરાવે છે. બદલાતુ જતું હવા માન અને લાંબા સમય સુધી ભેજને લીધે રોગનું પ્રમાણ વધુ તિવ્ર બને છે, જેના લીધે ખેડૂતોને એવા નવા ઉપાયોની જરૂર પડે છે, જે ટકાઉ ખેતીની પદ્ધતિને ટેકો આપવાની સાથોસાથ લાંબા સમય સુધી ટકી રહે તે માટે સુરક્ષા પણ પૂરી પાડે છે.

ઝિવાના સ્માર્ટનો આ પડકાર આધુનિક પદ્ધતિથી કરે છે જે ઓમીસીટ જેવા રોગો સામે શ્રેષ્ઠ પરિણામ આપે છે. આ સોલ્યુશન અદ્દભુત અસરકારકતા પૂરી પાડે છે અને વરસાદી પરિસ્થિતિઓમાં પણ સરેરાશ 7 થી 14 દિવસ સુધી સુરક્ષા આપે છે. તેના વરસાદી ગુણધર્મો અને હાલના પાંદડા તથા નવા છોડના વિકાસ બંનેને સુરક્ષિત રાખવાની ક્ષમતા ખેડૂતોને સમગ્ર પાકના સમયગાળા દરમિયાન રોગ પર કાબૂ રાખવા માટે વધુ સક્ષમ બનાવે છે.

આ રજૂઆત વિશે, મોહન બાબુ, ચીફ ઓપરેટિંગ ઓફિસર-ઈન્ડિયા, પાક સાયન્સ ડિવિઝન, બાયર કહે છે: "બાગાયત એ ભારતના પોષણની સલામતી તથા ખેડૂતોની સમૃદ્ધિ માટે હંમેશા કેન્દ્રસ્થાને છે. ઝિવાના સ્માર્ટ સાથે, બાયર વિજ્ઞાન આધારીત નવીનતા લાવી રહ્યું છે, જે બાગાયતી ખેડૂતોને જટિલ રોગો પર કામ કરવામાં, પાકની ગુણવત્તાને સુરક્ષિત કરવામાં તથા વધુસ્થિર, ટકાઉ ખાદ્ય પ્રણાલીઓ તૈયાર કરવામાં મદદરૂપ થાય છે."ઝિવાના સ્માર્ટએ હવે દરેક મુખ્ય બાગાયતી- વિકસતા પ્રદેશ જેવા કે, મહારાષ્ટ્ર, કર્ણાટકા, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, છત્તિસગઢ, મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, આસામ, આંધ્રપ્રદેશ અને પંજાબમાં મળી રહેશે. ઝિવાના સ્માર્ટનો આ પડકાર આધુનિક પદ્ધતિથી કરે છે જે ઓમીસીટ જેવા રોગો સામે શ્રેષ્ઠ પરિણામ આપે છે. આ સોલ્યુશન અદ્દભુત અસરકારકતા પૂરી પાડે છે અને વરસાદી પરિસ્થિતિઓમાં પણ સરેરાશ 7 થી 14 દિવસ સુધી સુરક્ષા આપે છે.

ઝિવાના સ્માર્ટની રજૂઆત એ ખેડૂતોને નવીન પાક સંરક્ષણ સોલ્યુશન્સને સક્ષમ બનાવવાની બાયરની પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે, જે સ્થિર, ઉત્પાદકતા અને ટકાઉ કૃષિ પરિણામોને સુધારવામાં મદદ કરે છે.